**समानो मन्त्रः** (ઋગ્વેદ) **समानी प्रपा** (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૪ જુલાઈ : ૨૦૦૯ અંક : ૧

**: પરામર્શનસમિતિ :**

**નારાયણ દેસાઈ**
પ્રમુખ

**ભોળાભાઈ પટેલ**
વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય

**ભારતી ર. દવે**
પ્રકાશનમંત્રી

**: તંત્રી :**
યોગેશ જોષી

**: સહતંત્રી :**
પ્રફુલ્લ રાવલ

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ * ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.comParab Online
June 2009






## અ નુ ક્ર મ


| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | નારાયણ દેસાઈ |
| **તંત્રીસ્થાનેથી** | જયંત ગાડીતની વિદાય... • યોગેશ જોષી |
| **કવિતા** | સૌને હવે લાગવું જોઈએ – • ચંદ્રકાન્ત શેઠ, બે કાવ્યો • રવીન્દ્ર પારેખ, વરસાદ : બે ચિત્રો • ડૉ. સિલાસ પટેલિયા, બે ગઝલ • કિસન સોસા, અંધાર પીધો • રાજેન્દ્ર પાઠક |
| **અભ્યાસ** | ‘મિસ્કીન’ની ગઝલો : ગુજરાતી ગઝલનો નવો પડાવ • મણિલાલ હ. પટેલ |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | વિદગ્ધ પાત્રોની વિ-લક્ષણ ભાવસૃષ્ટિ • વિજય શાસ્ત્રી, પત્રકાર થવા ઇચ્છુકોનું બાઇબલ • યોસેફ મૅકવાન |
| **પરિષદવૃત્ત** | સંકલન : અનિલા દલાલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : પ્રફુલ્લ રાવલ |
| **આવરણચિત્ર** | શૈલજા રાજેન્દ્ર પટેલ |

# પરબ

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :**

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯



# પરિષદ-પ્રમુખનો પત્ર

સારું છે કે પરિષદના બંધારણ-સુધારાની પ્રક્રિયા અમદાવાદની સડકોની માફક લગભગ બારેમાસ અખંડ ચાલ્યા કરતી નથી. પરંતુ આ બંને પ્રક્રિયાઓ અમુક અંશે તુલ્ય ગણી શકાય એવી છે ખરી ! વટેમારગુઓની, વાહનોની, કેટલાંક વાહનોને વહી જનારાં અને કેટલાંક એમનેમ ચલાવનારાં પશુઓની સંખ્યા વધે કે ઘટે, વાહનોના આકાર નાના કે મોટા થાય, તેમ તેમ સડકો પર કેટલાક લાંબા ગાળા સુધી ચાલે તેવા સુધારા કરવા પડે. રસ્તા કાચા હોય તો પાકા કરવા પડે, પાકા હોય તો સપાટ કરવા પડે, સપાટ હોય તો લીસા કરવા પડે. પણ સડકો ઉપરની અવરજવર મહાનગરને શોભે એવી થાય છે કે નહીં એ તો એના નાગરિકો ઉપર જ આધાર રાખે છે. કેટલાક દેશોમાં અર્ધી રાતે તમારા એકલાનું જ વાહન પૂરપાટ ચાલ્યું જતું હોય અને સામે લાલ બત્તી આવે તો વાહન હાંકનાર, પડખેની સીટવાળા સાથે ગમે તેટલી વાતચીતમાં કે કોઈ ગમતા સંગીતની સુરાવલિ સાંભળવામાં મશગૂલ હોય તો પણ ગાડી થોભાવી દે છે અને પીળી લાઇટ થઈને જાય પછી, જ્યારે લીલી બત્તી થાય, ત્યારે જ આગળ હંકારે છે. આપણે ત્યાં ધોળે દહાડે પોલીસની નજર ચૂકવીને અને બત્તીની 'ઐસીતૈસી' કરીને, ગાડી ધપાવ્યે જવામાં કેટલાક લોકો ચતુરાઈ માને છે. બંધારણ અને બંધારણ ઘડતા-ઘડાવતા લોકોનો સંબંધ પણ કાંઈક સડકો અને પથિકો વચ્ચેના સંબંધ જેવો જ હોય છે.

કાયદાની પણ લગભગ એવી જ મર્યાદા હોય છે. કાયદો વધુમાં વધુ કાંઈ કરી શકે તો એટલું કે આપણને ખોટાં કામો કરતાં વારી શકે, અથવા ઘણાં ખોટાં કામો કર્યા પછી કેટલાક સારુ દંડ દઈ શકે – એ આશા સાથે કે આપણે એવો ગુનો ફરી નહીં કરીએ. પરંતુ કોઈ કાયદો સારાં કામો કરવાની પ્રેરણા આપી શકે છે ખરો ? સત્કર્મની પ્રેરણા મહદંશે વિધિના ક્ષેત્રથી બહારનો વિષય હોય છે. તે કર્તાના સ્વભાવ, એના સંસ્કાર, એની તાલીમ, એના અભ્યાસ અને એની ટેવ ઉપર આધાર રાખે છે.

બંધારણની આપણે કદર કરીએ. તે આપણને પ્રગતિને પંથે જવા અને સંસ્થાને ટકાવી રાખવામાં જેટલે અંશે મદદ કરે છે તેટલા આપણે એના આભારી છીએ. પણ બંધારણ આપણને જીવતા કરતું નથી, આપણે જ બંધારણને જીવંત કરી શકીએ છીએ. સડક વટેમારગુને ચાલતો કરતી નથી; એને ચાલવાની સગવડ કે અગવડ જ એ કરી શકે. વળી આ જ તુલનાને થોડી આગળ લંબાવીએ તો યાત્રામાં કઈ દિશામાં જવું એ તો સડક પરનાં પાટિયાં સૂચવે. નદીની આ પા જવું કે પેલી પા એનો નિર્ણય તો યાત્રાળુએ જ કરવાનો રહે છે.

લોકશાહીની જનની ગણાતા ઇંગ્લૅન્ડને કોઈ લિખિત બંધારણ જ નથી. આપણા દેશનું બંધારણ દુનિયાના સૌથી લાંબા બંધારણમાંનું એક અથવા લાંબામાં લાંબું સંવિધાન છે. જેટલાં વર્ષો પહેલાં એ ઘડાયું એની સંખ્યા કરતાં વધારે ફેરફારો આપણા બંધારણમાં આપણે કરી ચૂક્યા છીએ.

પરિષદના જુદા જુદા પ્રકારના સભ્યો કે હોદ્દેદારોએ કેમ આવવું અથવા કેમ ન આવવું

એ આપણું બંધારણ આપણને કહી શકે. પણ કેટલું ચાલવું અને કેટલી ગતિથી ચાલવું એની પ્રેરણા તો આપણને 'માંહ્યલો' જ આપી શકે. આ માંહ્યલો કોઈક વાર એલાર્મ વાગે, કે ડંકા પડે અથવા પ્રભાતિયાના સૂર કે ફઝરની નમાજ વખતની બાંગ સંભળાય ત્યારે જાગે છે. જગાડવાનું કામ બંધારણ ભાગ્યે જ કરી શકે. બંધારણ આપણને છૂટ આપે ખરું, પણ કરવાનું તો આપણે જ છે, બંધારણે નહીં.

બંધારણમાં કેટલાક સુધારાવધારા કરવાનું જ્યારે આપણી આગળ સૂચન આવ્યું છે, ત્યારે બંધારણ અને એને ઘડનારા વચ્ચેના ઉપરોક્ત સંબંધોને આપણે ધ્યાનમાં રાખીએ.

ગિરા ગુર્જરીને વિશ્વગુર્જરી બનાવવામાં આપણે દરેકે યથાશક્તિ પોતપોતાનો હવિર્ભાગ આપવાનો છે. એ ઉદ્દેશ જો નજર સામે હોય તો પરિષદ-પ્રમુખ તો ઇંગ્લૅન્ડના રાજાની જેમ પરિષદના બંધારણીય વડા છે, માટે એમને આપણે સન્માન આપીએ છીએ. પણ આપણે એમની પાસેથી બીજી ખાસ અપેક્ષા રાખતા નથી એવું અર્થઘટન થાય છે. એ અર્થઘટન જો બરાબર હોય, તો પ્રશ્ન એ ઊઠે છે, કે એમ કરવાથી પરિષદ કશુંક ગુમાવતી નથી ? પરિષદ-પ્રમુખ ભલે રોજિંદા સમયમાં દખલગીરી ન કરે, પણ એ પરિષદને એના ઉદ્દેશ તરફ લઈ જવા સારુ તે સક્રિય કેમ ન થઈ શકે ? આ અંગે સામો સવાલ એવો પૂછી શકાય કે પ્રમુખને સક્રિય થવાની ના કોણે પાડી છે ? પરંતુ જો બંધારણનો અર્થ જ એવો ઘટાવવામાં આવે કે કોઈને પ્રમુખ તરીકે ચૂંટીને પરિષદે પ્રમુખને સન્માનિત કર્યા. તર્ક એ છે કે પ્રમુખના હોદ્દાનો કાળ બે વર્ષનો રહે તો આપણે વધુ લોકોને સન્માની શકીએ, પણ મંત્રીઓ વગેરેને તો કામ કરવાનાં છે, એટલે એમનો કાર્યકાળ લાંબો રાખવો ઇષ્ટ છે. આમ કરવાથી કામ કરવાની પરિપાટી જળવાઈ રહે. પ્રમુખ અને મંત્રીઓના કોઈ કાળ અલગ અલગ રાખવાથી ક્રમમાં સ્થિરતા પણ જળવાશે અને નવા નવા પ્રમુખો લાવીને પરિષદની શોભા પણ વધારાશે. વિચારવા જેવું એ છે કે આ અર્થઘટનમાં ક્યાંક ભૂલ તો નથી થતી ? પરિપાટી જાળવવી એ જેટલું અગત્યનું છે, એટલું જ અગત્યનું નવી પરિપાટીઓ પાડવી એ પણ નથી ? અને નવી પરિપાટીઓ પાડવામાં કદાચ પ્રમુખો ઉપયોગી પણ સિદ્ધ થઈ શકે. (વર્તમાન પ્રમુખ છું તેથી આ પ્રશ્ન ઉઠાવતાં સ્વાભાવિક રીતે જ હું સંકોચ અનુભવું છું. પણ મારી જાતને સાવ અલગ રાખીને વિચારી જોતાં પણ આ પ્રશ્ન પરિષદના કોઈને વેગ આપવા સારુ અગત્યનો લાગે છે તેથી, કાંઈ ગેરસમજૂતી નહીં થાય એવી આશા સાથે, આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે.) પ્રમુખને માત્ર બંધારણીય હોદ્દેદાર માગવાથી પરિષદને નુકસાન થઈ શકે એવો અને ચોક્કસ સંદેશ છે. જો આ વિષયની ચર્ચા થાય તો વિચારના બંને પાસામાં જ્યાં જેટલી સમજની કમી હશે તે દૂર થવા સંભવ છે. વિચારોની આવી સફાઈ પરિષદને લાભદાયી જ નીવડશે એવી ધારણાથી મેં આ પ્રશ્ન આપની આગળ રજૂ કર્યો છે તે મારી જાતને બાદ કરીને જ.

પરિષદને બંધારણની રૂએ ચાર કે પાંચ મંત્રીઓ અને બે ઉપપ્રમુખો ને એક ખજાનચી મળે છે એ ખરેખર પરિષદનું જમા પાસું છે. ઝાઝા હાથ રળિયામણા. સૌ સૌના ભાગે આવતું કામ કરીને આખા કામને આગળ ધપાવે એ ઇષ્ટ છે. બધી સંઘિક રમતોમાં એક એક ઘટકની યોગ્યતા એ રમતને વધુ મજબૂત બનાવે છે. એટલા જ મહત્ત્વની, અને કદાચ એના કરતાંય વધારે મહત્ત્વની બાબત બધા ઘટકો એક જૂથ તરીકે (એક ટીમ બનીને) કામ કરે એ છે. પરિષદના કામને વેગવાન કરવામાં આખી ટીમ અનેક દેહ એક પ્રાણ બનીને આગળ વધે એ અત્યંત અગત્યનું છે. દરેક ઘટક સમગ્ર માળખાને એક પ્રાણ બનાવવામાં જેટલું સફળ થાય તેટલું આખા કામને અને પોતાના આગવા કામને પણ તે વધુ મજબૂત બનાવશે.

ઉપરોક્ત વિધાન કરતી વખતે મને આજથી સો વર્ષ પહેલાં ગાંધીજીએ કરેલી એક વાત યાદ આવે છે. એમણે 'હિંદ સ્વરાજ'માં એક વાત એ કહી હતી કે આપણા અધિકારો આપણા કર્તવ્યના પરિણામ રૂપે જ નીપજવા જોઈએ. કદાચ સંઘ બનાવવામાં પરિષદના સૌ સેવકોને આ શીખ ઉપયોગી થઈ પડે.

સંસ્થા જેમ મોટી થાય તેમ એક પ્રશ્ન ઊભો થવાની સંભાવના વધતી જાય છે. કામ જેટલું પ્રતિનિધિને સોંપાતું જાય તેટલું પ્રતિનિધિ અને પ્રતિનિધિત્વ સોંપનાર વચ્ચે અંતર વધે. ઘણાં મોટાં તંત્રોમાં તો આ અંતર એટલું વધી જતું હોય છે કે એના સામાન્ય સભ્યો અથવા તો પ્રાથમિક ઘટકો બધી ફરજ પ્રતિનિધિની જ માનતા થઈ જાય છે. આપણી વિશાળકાય લોકશાહીમાં લાખો લોકો ઘણી વાર જાણે એમ માનીને ચાલે છે કે સમાજને ચલાવવો એ સરકારનું જ કામ છે. પરિષદમાં ભલે સરકાર જેવી સત્તાનો સવાલ ઊભો થતો ન હોય, પણ કામકાજમાં ફરજ અને હક બંનેનો તો જરૂર સંબંધ આવે છે. પરિષદ વધુ સક્રિય, વધુ વ્યાપક, વેગવાન અને સમર્થ તો એટલા જ પ્રમાણમાં બનશે કે જેટલા પ્રમાણમાં એના સામાન્ય સભ્યો સક્રિય બનશે. સભ્યની સક્રિયતા એના કુટુંબથી શરૂ થશે. પોતાના પરિવારમાં એ માતૃભાષાને કેટલું ગૌરવવંતું સ્થાન આપે છે, તે વાત પરિષદનાં સમ્મેલનો અને સત્રો કેટલાં ગૌરવવંતાં થયાં એના કરતાં જરાય ઓછા મહત્ત્વની નથી. આપણા સામાન્ય સભ્યોની માતૃભાષા-સેવા જ ગિરા ગુર્જરીના પ્રાસાદનો ખરો પાયો રચશે.

મધ્યસ્થ સમિતિ અને કાર્ય સમિતિનો ઉલ્લેખ આ પત્ર લખતાં છેલ્લો આવ્યો. પણ પરિષદનું બંધારણ જે પ્રકારે ઘડાયું છે, તે મુજબ, ઉચિત રીતે જ, આ બંને સમિતિઓ એ ઇમારતના પાયા અને ઈંટ સમાન છે. એની કાર્યપદ્ધતિ અમુક અંશે પ્રત્યક્ષ સમ્મેલનોમાં અને મહદંશે પરોક્ષ રીતે ટપાલ કે કોઈ બીજી રીતે નિર્ણયો કરવાની છે. એ આખી રીત સંસદીય લોકશાહીને અનુસરનારી અને પોષક છે. બંધારણ અંગે આ વખતે જે સુધારાવધારા સૂચવાયા છે તે આ બંને સમિતિઓને લગભગ યથાવત્ અકબંધ રાખે છે, અને તે યોગ્ય જ છે. આ સમિતિઓની સમ્મતિ એ જ બંધારણ પરની છેવટની મહોર ગણાશે.

આમ લોકશાહી ઢબે થતા નિર્ણયો કરતી વખતે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવા જેવું હોય છે. આજે લોકશાહી રીતે કામ કરવાની પદ્ધતિઓ શોધતાં શોધતાં માનવસમાજ માથાં ગણવા સુધી પહોંચ્યો છે. નિર્ણય કરવાની એ રીત જ અત્યાર સુધી આપણને જડેલી રીતોમાં સૌથી વધુ વ્યાવહારિક અને ઘણે અંશે સંતોષકારક છે. પરંતુ એ રીત સંપૂર્ણપણે નિર્દોષ નથી. એમાં લઘુમતીનું સત્ય કચડાઈ જવાનું અને બહુમતીનું ઘમંડ પોંખાવાનું ભયસ્થાન રહેલું છે. વળી માથાં ગણીને નિર્ણય કરતી વખતે એક બીજી બાબત પણ ધ્યાન રાખવા જેવી છે. મનુષ્યના માથામાં જેમ વિચાર અને વિવેક હોય છે, તેમ એ જ માથામાં રાગદ્વેષ પણ હોઈ શકે છે. એ નિર્ણય ઉત્તમ ગણાય જેની પાછળ વિચાર અને વિવેક હોય તથા રાગ-દ્વેષ બને એટલાં ઓછાં હોય. કારણ એ બે તત્ત્વો માત્ર ચોક્કસ પ્રસંગે કરવામાં

આવેલા નિર્ણયોને જ નુકસાન કરીને અટકતાં નથી. રાગ-દ્વેષ કોઈ કોઈ વાર આખા આંદોલન કે આખી સંસ્થાને સારુ પણ ખતરનાક બની શકતાં હોય છે. કોઈ કોઈ વાર તો એ માત્ર એટલેથી જ ન અટકતાં, આખી સંસ્કૃતિ અને સમગ્ર જીવનની દૃષ્ટિએ પણ ખતરનાક બની જતાં હોય છે – ઇતિ શુશ્રુમધીરાણામ યેનઃ તત્ વિચર્યાક્ષરે – આ તત્ત્વ અમે એવા ધીર પુરુષો પાસે સાંભળ્યું છે, જેમણે એને નજરે ભાળ્યું છે.

**નારાયણ દેસાઈ**



# તંત્રીસ્થાનેથી...

## જયંત ગાડીતની વિદાય...



તા. ૨૯-૦૫-૨૦૦૯ના રોજ SMS મળ્યો – Jayant Gadit is no more... થોડી ક્ષણ હૃદય જાણે શૂન્ય થઈ ગયું. હજી તા. ૨૮-૪-૨૦૦૯ના રોજ તો અમે જયંત ગાડીતને ૨૦૦૮ના વર્ષ માટેનો ધનજી કાનજી ગાંધી ચંદ્રક અર્પણ કરવા વડોદરા ગયા હતા. એક હૉટલમાં સમારોહનું આયોજન કરેલું. હૉટલની લિફ્ટ બગડેલી હતી. કેટલાક વિદ્યાર્થીઓ – શિષ્યો જયંતભાઈને એક ખુરશીમાં ઊંચકીને ઉપર લાવ્યા. કૅન્સરે શરીર સાવ ક્ષીણ કરી દીધેલું. બોલવાનીય શક્તિ નહોતી આથી તેઓ એમનો પ્રતિભાવ લખીને લાવેલા, જે મંજુલાબહેને વાંચ્યો હતો. ચહેરો ક્ષીણ થવાથી જરી વધારે મોટી લાગતી આંખોમાં છેલ્લી ક્ષણ સુધી કૅન્સર સામે ઝઝૂમવાનો સંકલ્પ, સહૃદયતા અને સચ્ચાઈ ટમટમતાં હતાં. આભાર અને આનંદની લાગણી એમની નજરમાંથી નીતરતી હતી. આવી અસહ્ય માંદગીમાંય સ્વસ્થ રહીને બુદ્ધિપૂર્વક જીવવું ને ક્ષીણ દેહ પાસેથી છેવટ સુધી કામ લીધા કરવું એ સહેલું નથી. શરીર ભલે ક્ષીણ થતું જતું હતું પણ મન અડીખમ હતું. આથી જ તો તેઓ આવી માંદગી છતાં ગાંધીવિષયક નવલકથા 'સત્ય' પર કામ કરતા રહ્યા. મનોમન ત્યારે પ્રાર્થના થયેલી – આ નવલકથાના અંતિમ ભાગનું કામ સરસ રીતે પૂર્ણ થાય ને આવનારું મોત પાછું ઠેલાય, પણ...

જયંતભાઈ ક. લા. સ્વાધ્યાયમંદિરમાં રીડર હતા ત્યારે સૌપ્રથમ વાર મળવાનું થયેલું. એકવડિયો બાંધો. ઊંચો દેહ. લંબગોળ મોં. મોટું કપાળ. માથે મોટી ટાલ. લાંબા ઓડિયાં. પહોળી આંખોમાં સચ્ચાઈ અને નિષ્ઠા ટમટમે. ધીમા, મક્કમ અવાજે વાત કરે. મોટાં ચશ્માં પાછળની આંખો અવારનવાર પહોળી થાય ને એમની અંદરની clarity તથા integrity અવાજમાં ને આંખોમાંયે પ્રગટ થાય. શાંત, સ્વસ્થ પ્રકૃતિ.

એક વાર જયંતભાઈ આણંદના રેલવે સ્ટેશને હતા. જોયું તો બેભાન અવસ્થામાં કોઈ સાધારણ માણસ ઊલટીઓ કર્યા કરતો. અન્ય પેસેન્જરની જેમ જયંતભાઈ પણ આ દૃશ્ય માત્ર જોઈ રહ્યા. એટલામાં કોઈ ખાદીધારી સજ્જન એ માણસની વહારે આવ્યા ત્યાં ગાડી આવી ને પોતે ગાડીમાં ચઢી ગયા. આટલી વાતનો અપરાધભાવ પણ એમના મનમાંથી ખસતો નહોતો. આવા સાચુકલા માણસ હતા જયંતભાઈ.

જયંતભાઈનો જન્મ ૨૬-૧૧-૧૯૩૮ના રોજ મુંબઈમાં થયો હતો. એમનું વતન જામખંભાળિયા. ૧૯૬૪માં તેઓ અનુસ્નાતક થયા અને ડૉ. હરિવલ્લભ ભાયાણીના માર્ગદર્શન હેઠળ 'ન્હાનાલાલની અપદ્યાગદ્ય રચનાઓની ભાષાનું સાહિત્યિક અધ્યયન' વિષય લઈ ૧૯૭૪માં પીએચ.ડી. થયા. કૉલેજકાળ દરમિયાન એમણે કવિતાઓ લખેલી તથા છંદો પર હાથ અજમાવેલો. સરકારી નોકરી છોડી ૧૯૬૫માં તેઓ પેટલાદ કૉલેજમાં અધ્યાપક બન્યા. ૧૯૬૫થી ૧૯૭૭ દરમિયાન તેમણે પેટલાદ તથા મહુધા કૉલેજમાં,

૧૯૭૭થી ૧૯૮૬ સુધી સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં અધ્યાપનકાર્ય કર્યું. ત્યારબાદ થોડાં વર્ષ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિરમાં રીડર તરીકે કામ કર્યું. ત્યારબાદ ફરી સરદાર પટેલ યુનિવર્સિટીમાં અધ્યાપન.

જયંત ગાડીતે સર્જનપ્રવૃત્તિ શરૂ કરી ત્યારે આધુનિકતા, અસ્તિત્વવાદ તથા આકારવાદનો પ્રભાવ હતો. ઘટના, સામગ્રી, સામાજિક વાસ્તવ કરતાંય શુદ્ધ આકારનો મહિમા વધારે થવા લાગ્યો હતો. આ ગાળામાં આવેલી પ્રયોગશીલ નવલકથાઓ – 'છિન્નપત્ર', 'કોણ ?', 'મહાભિનિષ્ક્રમણ', 'અસ્તિ', 'આકાર' આદિ જયંતભાઈને અપીલ કરી શકી નહોતી. હા, સુરેશ જોષીએ કળામાં આકારનો મહિમા કર્યો એની એમના સર્જકચિત્ત પર અસર પડી હતી. એટલે પુરોગામી નવલકથાઓ પણ એમને રુચિ નહિ. વિદેશી નવલકથાઓના વાચનથી કલાત્મક મૂલ્યો અંગે તેમની સ્પષ્ટતા વધતી ગઈ. આમ તેઓ સમકાલીનો તથા પુરોગામીઓથી કંઈક અંશે ઉફરા ચાલ્યા છે. નવલકથાના આકારની સભાનતાના સ્વીકાર સાથે એમણે સામાજિક વાસ્તવ પર પણ ભાર મૂક્યો છે. વસ્તુની સ્પષ્ટતા, ચરિત્રચિત્રણ, કથનકેન્દ્ર, ઘટનાઓનું સંયોજન, ટોન, ભાષા તથા કૃતિના અર્થના ઉઘાડ પ્રત્યે એમણે વિશેષ ધ્યાન આપ્યું છે. 'શબ્દસૃષ્ટિ'ના દીપોત્સવી વિશેષાંક (૨૦૦૭)માં એમણે નવલકથાની ભાષા બાબતે નોંધ્યું છે –

> 'નવલકથાની ભાષાએ મને હંમેશ મૂંઝવ્યો છે. કૃતિ લાંબા પટ પર વિસ્તરતી હોય ત્યારે કથન, વર્ણન, સંવાદ, પાત્રના મનોગત ઇત્યાદિના આલેખન વખતે ભાષાની સર્જનાત્મકતા કેવી રીતે જાળવી રાખવી એ હંમેશ માટે કોયડો રહ્યો છે. કથાનો પરિવેશ ઊભો કરવામાં કે પાત્રોનો વિશિષ્ટ ચહેરો બાંધવા માટે શિષ્ટ ભાષા, બોલી કે વ્યક્તિભાષા (idiolect) એ સૌનો ક્યાં કેટલો ઉપયોગ કરવો એ મારે માટે હંમેશ મોટો પડકાર રહ્યો છે.'

આ પડકાર ઝીલવામાં તેઓ મહદ્અંશે સફળ રહ્યા છે. 'આવૃત'માં સામાજિક વાસ્તવના સ્તર પર શિક્ષણજગતમાં સૂક્ષ્મ રીતે પ્રસરેલા સડાની વાત તારસ્વરે કલાત્મકતાથી કહેવાઈ છે. લેખક ઉપરાંત એક સાચા માનવ તરીકે પણ તેમને સામાજિક વાસ્તવ સાથે, માણસ સાથે તથા ભાષા સાથે નિસબત રહી છે. આથી જ તો પાલનપુર પાસે આવેલા સાંબરડા ગામના દલિતોએ સામૂહિક સ્થળાંતર કરી બીજે વસવાટ કર્યો એ ઘટના લેખકના સંવેદનશીલ સર્જકચિત્તમાં રોપાય છે ને એમાંથી 'પ્રશાંમુ' જન્મે છે. ભારતમાં દલિત વર્ગનું સાંસ્કૃતિક સંચલન તથા સવર્ણ-દલિતની મનઃસ્થિતિને એમણે 'બદલાતી ક્ષિતિજ'માં આલેખી છે 'સદ્ શક્તિને ઘણી વખત નિરૂપાય બની અસદ્ શક્તિ સામે નમવું પડે છે. એ મનુષ્યજીવનની નિયતિ' એમના સર્જક-ચિંતક-ચિત્તને હલબલાવે છે એમાંથી જન્મેલી 'શિખંડી'ના નિવેદનમાં લેખકે નોંધ્યું છે –

> 'જીવનમાં આસુરી બળો હંમેશ મનુષ્ય પર શાસન કરતાં આવ્યાં છે. દૈવી બળોનું શાસન એ માણસની ઝંખના છે, વાસ્તવિકતા નહીં. જીવનમાં પ્રેમ છે, આશા છે, શહાદત છે, સહાનુભૂતિ અને એવું બીજું ઘણું ચિત્તને પ્રસન્ન કરે એવું છે. છતાં એ સૌને નિર્બળ કરી મૂકે એવું શું છે ? અને તો પણ હજી આ મનુષ્ય મનુષ્ય તરીકે ટકી રહ્યો છે તો એને ટકાવી રાખનાર તત્ત્વ શું છે એનું સદૈવ મને કુતૂહલ રહ્યું છે.'



'એક અસ્વપ્ન સુખી જીવન'માં કુટુંબજીવન તથા રેવાના પાત્ર થકી લેખકે સમાજને ટકાવી રાખતાં મૂલ્યો પ્રગટાવવા પર વિશેષ ભાર મૂક્યો છે. સમાજે દોરેલ રેખાઓ પર ચાલતી, કોઈ વિશેષ સ્વપ્નો-ઝંખના-ખેવના વગર સીધું-સાદું-સરળ સુખી જીવન જીવી જતી રેવા આવાં મૂલ્યોને પ્રગટ કરીને નવલકથાના Visionનેય ઉઘાડ આપે છે.

'ન્હાનાલાલનું અગદ્યાપદ્ય', 'નવલકથા : વાસ્તવ અને વાસ્તવવાદ', 'ન્હાનાલાલ', 'પ્રેમાનંદ', 'આ આપણી કથા' જેવા સમૃદ્ધ વિવેચનગ્રંથો એમણે આપ્યા છે. 'ગુજરાતી સાહિત્યકોશ' ભાગ-૧ અને 'અનુઆધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ'ના સંપાદનમાં એમનો ફાળો રહ્યો છે. 'મોહિત' અને 'અમૂલની ગૌરવગાથા' એમણે કરેલ અનુવાદનાં પુસ્તકો છે. 'આવૃત', 'ચાસપક્ષી અને કર્ણ', 'ક્યાં છે ઘર ?', 'બદલાતી ક્ષિતિજ', 'શિખંડી', 'પ્રશાંમુ', 'એક અસ્વપ્ન સુખી જીવન' જેવી વિષયવસ્તુ તથા રચનારીતિના વૈવિધ્યવાળી નવલકથાઓ એમની પાસેથી મળી છે. 'એક ને એક અગ્યાર' ગાડીતદંપતીનો વાર્તાસંગ્રહ છે.

૧૯૧૯માં 'આવૃત' નવલકથાને તથા ૧૯૭૬માં 'ન્હાનાલાલનું અપદ્યાગદ્ય' વિવેચનસંગ્રહને ગુજરાત સરકારનું પારિતોષિક પ્રાપ્ત થયું છે. 'એક અસ્વપ્ન સુખી જીવન' નવલકથાને ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક મળ્યું છે. એમને નંદશંકર ચંદ્રક તથા ધનજી કાનજી ગાંધી ચંદ્રક પ્રાપ્ત થયા છે.

જયંતભાઈએ એમની કેફિયતમાં નોંધ્યું છે –

> 'કૃતિ મારા મનમાં ધૂંધળા રૂપે આવે છે, અને ધીમે ધીમે એનું રૂપ મારા મનમાં ઊઘડતું જાય છે. એટલે મારી કોઈ પણ કૃતિ પહેલા ડ્રાફ્ટથી પૂરી નથી થતી. ઓછામાં ઓછી ત્રણેક વખત લખું ત્યારે મારી અંદર જે વ્યક્ત થવા મથતું હોય છે, તે પૂરો આકાર ધારણ કરે છે. એટલે મારે માટે નવલકથાસર્જન એ શ્રમસાધ્ય પ્રવૃત્તિ છે. અલબત્ત કૃતિ પૂરી થાય છે ત્યારે મન અંદર પડેલા અરૂપને રૂપ આપી શકાયું એનો સંતોષ અનુભવે છે.'

આ ક્ષણે થાય છે કે જયંતભાઈ એમની ગાંધીકેન્દ્રી નવલકથા 'સત્ય'ના અંતિમ ભાગને છેલ્લો ઘાટ-આકાર-રૂપ આપી શક્યા હશે ?! 'સત્ય' માટે એમના મનમાં પડેલા અરૂપને રૂપ આપી શકાયાના સંતોષ સાથે એમણે લીધી હશે વિદાય ?!

**– યોગેશ જોષી**

r

## સૌને હવે લાગવું જોઈએ — | ચંદ્રકાન્ત શેઠ

બંધિયાર પાણીમાં પડ્યો રહું
ને મને લીલ ચડ્યાં કરે, ચડ્યાં કરે...
જરાયે મંજૂર નથી એ મને !

મારા થકી કોઈને ઠોકર લાગે,
કોઈનું હાડ તૂટે, માથું ફૂટે
ને એમ સૌને નડતો રહું ને વાગતો રહું...
એય મંજૂર નથી લેશ પણ મને !

મારે ચણાવું નથી કોઈની ભેદની ભીંતોમાં,
મારે બંધાવું નથી કોઈ કંજૂસની કાઠી કોટડીમાં,
મારે જડાવું નથી કોઈ માનભૂખ્યાના મતલબી પગથિયામાં,
મારે નથી ખોડાવું પાખંડની પ્રતિમા થઈને
કોઈ મઠાધીશના ઠાકરદ્વારે !
મારે થવું નથી ખડા ધર્માન્ધતાના મિનારે
બર્બરતાની બાંગો પુકારવા !

મારે તો ફુંવે ફુંવે પાણીના ટશિયા ફૂટે
એવા થઈ રહેવું છે લીલાછમ્મ !

આમ તો કુળેમૂળે છું પથ્થર જ,
પણ મારામાં કેવું છે પાણી તેનું ભલે થઈ જાય પારખું
મારી પડખે ચડનાર હરકોઈની આગળ !

સૌને હવે હાડોહાડ લાગવું જોઈએ —
પાણીને જીવતું રાખવા
મારા જેવા પથ્થરનેય જીવતો રાખવો જોઈશે....

૧૬-૩-૨૦૦૯
૨૬-૩-૨૦૦૯

## બે કાવ્યો | રવીન્દ્ર પારેખ

### ૧. મૃત્યુ

ચાહવું એટલે જ વિરહ !
તારો હાથ પકડ્યો
ત્યારથી જ એ છૂટવા લાગ્યો હતો
આપણે બંને
એકબીજાના હાથમાં પછી તો
રહ્યા કેવળ સ્પર્શ થઈને !
આ સ્પર્શને કારણે જ
આપણે ચાહી શકીએ છીએ
એકબીજાને
એકબીજા વગર –

### ૨. શરીર જ ન હોત તો

શરીર જ ન હોત તો
કોઈ પણ શરીરને તેની જાણ બહાર
ચાહી શકાત
આપણે તેને ગમતા હોત
કે અણગમતા હોત
કશો ફરક પડ્યો ન હોત.
જેમને શરીર નથી
તેમને પણ સ્પર્શી શક્યા હોત
તેમની રજા વગર.
ન વાગવા, વગાડવાની ઝંઝટ !
ન આંસુ, હાસ્યનો સરવાળો !
ન અંધકારથી ડરવાનું હોત
ન અજવાળાંથી હસવાનું હોત
બધાંથી છાનું છાનું અનુભવતા હોત કશુંક
નથી લાગતું કે જીવવામાં બાધક તો શરીર જ છે !
જોકે પછી હોઠ પર હોઠ મૂકીને
સળગવાનો આનંદ ન હોત...

## વરસાદ : બે ચિત્રો | ડૉ. સિલાસ પટેલિયા

૧

પલળતું પંખી
હવે ઢળતું લાગે
લીલાછમ્મ ઢોળાવ પરથી
નીચેના જળમાં...

કદાચ એ પલળી પલળી
થીજી ગયું હશે
લળી ઢળી પડ્યું હશે ડાળેથી ?
ઢાળ ઊતરી
ગયો જોવા એને હેઠે જળતટે...

ઢાળ ઊતર્યા પછી
હવે સંભળાય છે
લીલાછમ્મ ઘાસમાંથી એનો કલરવ
ને આ વહેતા જળનાદમાંય
દેખાય છે એ ગાતું – ઊડતું
ઊંચે ને ઊંચે આકાશે...

એ જળમાં ભલે તણાઈ ગયું
છતાં એ જળમાં જ છે
એનો કલરવ !
જળ હવે કલરવ
કલરવ હવે જળરવ.

આ અંધારામાં
એને જ સાંભળું છું
આ ભારે વરસાદમાંય
એને જ સાંભળું છું તારા કંઠેથી....

૨

લીલુંછમ્મ અજવાળું
ઝાંખું ઝાંખું ઝરમર ઝરમર થાય...
જાય ધીમે ધીમે
થડ પરથી નીતરતું ઝમતું
જળ
મૂળ ભણી માટીમાં થઈને ધીમે ધીમે...

વરસાદમાં આમ
પલળતું એકલ વૃક્ષ
હવે અંધકારમાં ઝૂમે
ઝૂમતાં ઝૂમતાં ય ઝમતું રહે
જળ માટીમાં ને મૂળમાં.

રાતભર
વરસાદ ને અંધકાર
ને પહાડ પર પછડાતો અવાજ
ને તણાતાં આવતાં વૃક્ષો
ને ધસમસતી આવતી લાશો
ને ફરી કાળમીંઢ સન્નાટો
ને....
એ તો ઊભું હશે એકલું
આ બધું જોતું જોતું !
ફરી પરોઢનો લીલો ઉજાશ જોતું
એ તો ઊભું હશે,
એ વેળા
પૂર્વ ભણી હું એ વૃક્ષને જોતો હોઈશ
કે તને ?

## બે ગઝલ | કિસન સોસા

### ૧. બારણે આવ્યા

ન જાણે કેટલી ભીંતોનો ભેદી બારણે આવ્યા,
પરંતુ આવી આવી આમ બસ, સંભારણે આવ્યા !

કદી ક્યાં ઓઝલે ચૂપચાપ શબ્દોના ગણે આવ્યા;
તરુન્નુમની સજેલી પાલખીએ રણઝણે આવ્યા !

ધૂળે ધરબાયેલો સિક્કો ઉજાગર થાય વરસાદે;
તમે એવું જ ઊજળું રૂપ લઈ આ શ્રાવણે આવ્યા !

હવે કેવો ઘડાશે ઘાટ, ઘડશે કોણ, ઘણ જાણે;
અર્થ કંઈ આગમાં થઈ રક્તવરણા એરણે આવ્યા !

પણે છાતી કૂટે પાદર, અહીં હલકાય હાલરડું;
ગયું અર્થી ચઢી કોઈ ને કોઈ પારણે આવ્યા !

### ૨. રાતના છેલ્લા પ્રહરમાં

ઓસની માફક ઝર્યો છું રાતના છેલ્લા પ્રહરમાં,
ફૂલ પર્ણો પર ઠર્યો છું રાતના છેલ્લા પ્રહરમાં.

વૃક્ષમાં છૂટી રહી બેડી પવનની, પાન ખણકે,
હુંય સ્વપ્ને મર્મર્યો છું રાતના છેલ્લા પ્રહરમાં.

ઊંઘરેટી શેરીએથી વાંસળીના સૂર જેવી,
લહેર થઈને નીસર્યો છું રાતના છેલ્લા પ્રહરમાં.

ખેત-સેઢે શુક્રનો તારો ઝગારે રમતો મૂકી,
ચાસે ચાસે નીખર્યો છું રાતના છેલ્લા પ્રહરમાં.

સૂર્યના અહેસાસની સુરખી ગુલાબી છાઈ વ્યોમે;
દૂર સુધી વિસ્તર્યો છું રાતના છેલ્લા પ્રહરમાં.

આ અજાણ્યું શહેર, દીવા ધૂંધળા, સૂમસામ રસ્તા;
શી ખબર ક્યાં ઊતર્યો છું રાતના છેલ્લા પ્રહરમાં.

સાંજના મત્લાથી તે મક્તા સુધી કાપી મજલ, લે !
આ ગઝલથી પરહર્યો છું રાતના છેલ્લા પ્રહરમાં.

## અંધાર પીધો | રાજેન્દ્ર પાઠક

સૂર્ય સંકોરી જરા અંધાર પીધો,
મેં પરોઢિયે પહેલી ધાર પીધો.

રાસવનરાવન મહીં ખેલે કનૈયો,
મેં સખી સામીપ્યનો શણગાર પીધો.

જિંદગી છે રાત કાળી બેબસીની,
જાત બાળી તાપણે અંગાર પીધો.

છે ધજા કાળી નિશાની ખોપરીની,
ચાંચિયા થૈ ઝાંઝવી મઝધાર પીધો.

ભગ્ન સપનાં, યાતના ને વેદનાઓ,
ખોતરી બસ ખોતરી સંસાર પીધો.

ગર્ભધારણ તું કરે તો જન્મું પાછો,
સંભવામિ નામનો અવતાર પીધો.

હાથ લમણે ઠૂંઠું બીડી બાંકડા પર,
રોકડાની લ્હાયમાં ઉધાર પીધો....



# અભ્યાસ

## 'મિસ્કીન'ની ગઝલો : ગુજરાતી ગઝલનો નવો પડાવ | મણિલાલ હ. પટેલ

હમણાં હમણાંથી મને; 'કવિતા શું કરે છે ? સાહિત્યનું ખરેખરું કાર્ય શું છે ?' – એવા પ્રશ્નો પૂછવાનું, એને વિશે વિચારવાનું અને એના, મને સાચા લાગ્યા છે ને અનુભવોમાંથી નીપજ્યા એ, જવાબો આપવાનું – એની ચર્ચા કરવાનું ગમે છે. કળાવાદીઓ તો હમેશાં સૌંદર્યલક્ષી આનંદનો પક્ષ લેતા આવ્યા છે. એ કળાસૌન્દર્ય રચાય છે અનુભૂતિ અને ભાષારચનાના અ-પૂર્વ સાયુજ્યથી ! કાવ્યવાદીઓ 'ભાષાસંરચના'ના વધારે મોહતાજ હોય છે. જ્યારે કળાવિદ બધું જાણી-પારખીને સૌંદર્યની અનુભૂતિ કરાવનારી રચનાનો મહિમા કરવા સાથે એ જે જીવન-સંવેદનામાંથી પ્રગટી છે એનો મર્મ કહેવાનું ચૂકતો નથી. હું પણ કળાવિદને આવકારું છું અને સંવેદનનો તથા ભાષા થકી એને સાંપડતા આકારનો મહિમા કરું છું. મારે મન ભાષારચનાનું મૂલ્ય જરાય ઓછું નથી પરંતુ એ ભાષારચનામાં ઝિલાતો અનુભવલોક – ભાવસંવેદનાલોક તથા એના જીવનમર્મો મારે માટે એટલા જ મૂલ્યવાન છે. જીવન પોતે જ ઓછું કળાત્મક નથી – એ મેં અનુભવોથી પ્રમાણ્યું છે... એવું જીવન જ્યારે કળામાં આવે – કળાના માધ્યમ દ્વારા આવે ત્યારે બંનેનું રસાયન નોખો જ અનુભવ કરાવે છે.

રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ગઝલો (ચારેય સંગ્રહોની ગઝલો) વિશે હું ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં વિચારું છું. એ ગઝલો મને એવો પરિપ્રેક્ષ્ય લેવા મજબૂર કરે એવી 'મજબૂત' પણ લાગી છે. એ વિશે વિગતે લખું એ પહેલાં 'સાહિત્યના કાર્ય' વિશે, આજકાલ હું બધે, જે કાંઈ સદૃષ્ટાંત વાતો કરતો રહ્યો છું, એના કેટલાક સંકેતો અહીં મૂકવા જરૂરી સમજું છું.

સાહિત્ય વિશિષ્ટ પ્રકારનો (સૌન્દર્યજન્ય) આનંદ આપે છે એ તો ખરું જ... પણ એ આપણને જીવનની આંટીઘૂંટીઓમાં, એના રહસ્યલોકમાં લઈ જાય છે... જીવનનો આપણને એ નવેસર અને નોખી રીતે પરિચય કરાવે છે. એના મર્મોને વિશેષ રીતે-ભાતે ખોલી આપે છે. સાહિત્ય માહિતી આપે છે – જ્ઞાન પણ આપે છે; પણ વિશેષ કરીને એ આપણી; આપણા વિશેની, જીવન અને સમાજ વિશેની તથા કલાપદાર્થ વિશેની સમજણ વધારે છે. કળા આપણું રૂપાંતર કરવા પ્રવૃત્ત થાય છે. પણ ઉત્તમ વાત તો એ છે કે સાહિત્યકલાની કૃતિ આપણને સમજણ આપે છે. એ સમજણ દ્વારા આપણને નિર્ભ્રાન્ત કરે છે ને એમ શાણપણ પ્રગટાવે છે. આ શાણપણ આપણને સંઘર્ષો – વેદનાવંટોળો સામે ટકી રહેવાનું બળ આપે છે. મારે મન આ વાત ખૂબ મહત્ત્વની છે.

અહીં જે નોંધી છે તે માર્મિક વાત; સાહિત્યમાં ઝીલીને, સહજ રીતે અને સરળતાથી પ્રગટાવવાનું અઘરું છે. કવિતા જેવા સૂક્ષ્મભાવો સાથે સંકેતોથી કામ પાડતા સ્વરૂપ માટે તો એથીય વધુ મુશ્કેલ લાગે. પણ સર્જકની પ્રતિભા એ કાર્ય કરી આપે છે ત્યારે ભાયક ચકિત થવા સાથે ભાવાર્દ્ર થાય છે... ઉત્તમ કવિતા તો એને સરાબોર કર્યા વિના નથી રહી

શકતી. રાજેશ વ્યાસ 'મિસ્કીન' – જે મરીઝ અને મનોજ પછીના આપણા મહત્ત્વના ગઝલકાર તરીકે ઊભરી આવ્યા છે તેમની રચનાઓ વિશે વાત કરવાના ઉપક્રમના આરંભે, ઉપરોક્ત સન્દર્ભે એક ગઝલ ટાંકવાથી ઘણું ઘણું સમજાઈ જશે.

**સાવ જૂઠું જગત કોઈ તારું નથી,**
**મૂક સઘળી મમત કોઈ તારું નથી.**

**કોણ કોનું ? અને એય પણ ક્યાં લગી ?**
**છે બધું મનઘડત કોઈ તારું નથી.**

**જે પળે જાણશે સોંસરો સળગશે,**
**આ બધી છે રમત કોઈ તારું નથી.**

**કોઈ ઉંબર સુધી કોઈ પાદર સુધી,**
**છેક સુધી સતત કોઈ તારું નથી.**

**કઈ રીતે હું મનાવું તને બોલ મન,**
**બોલ, લાગી શરત કોઈ તારું નથી !**

**કોઈ એકાદ જણ, એય બેચાર પળ,**
**કે અહીં હરવખત કોઈ તારું નથી.**

('કોઈ તારું નથી'; પૃ. ૧)

તત્ત્વતઃ માણસ 'એકલો' છે. સંબંધો અને માયાજાળ બધું કામચલાઉ, તકલાદી, સ્વાર્થવશ અને છેતરામણું છે. સંતો-મહંતો અને ધર્મગ્રંથોએ પ્રબોધેલી ઉક્ત વાતો-વિગતોને કવિ ગઝલમાં વણતો ચાલે છે... છેતરામણું જગત અને તકલાદી સંબંધોને કવિ 'કોઈ તારું નથી' રદીફથી ઘૂંટે છે ત્યારે પ્રત્યેક કાફિયાનો શબ્દાર્થ અચાનક સૂચિતાર્થ બની જાય છે. ક્રિયાપદો, નામો, વિશેષણો બધાંના અર્થસંકેતો કશુંક જુદું જ ચીંધી રહે છે – જે સમગ્ર ગઝલનો કેન્દ્રવર્તી ભાવ બનીને ભાવકને 'પ્રજ્ઞા'નો પ્રબોધ કરાવે છે. આ ગઝલ વાંચીને મારી જેમ કેટકેટલા ભાવકોને એમ થયું જ હશે કે, 'અરે ! આ તો મારે લખવી હતી તે ગઝલ છે ! આ તો મારી જ વાત છે... !' તો, કવિ આમ સૌના વતી વેદના ગાય છે.

'કોઈ તારું નથી –'ની વાતને કવિ આગળ વધતાં – 'કશું પણ તારું ક્યાં છે !' –ની નિર્ભ્રાન્તિ સુધી લઈ જાય છે. બહુ જ સુખ્યાત થયેલો મિસ્કીનનો આ શેર વાંચીએ :

**'તારું કશું ન હોય તો છોડીને આવ તું,**
**તારું જ બધું હોય તો છોડી બતાવ તું !'**

માણસને બેઉ બાજુની ભ્રાન્તિ હોય છે. એક તો એ કે આ બધું તો મારું છે... ને બીજું કે – આ બધું મારું છે માટે મારાથી છૂટતું નથી... કવિએ એક જ શેરમાં આ બંને ભ્રાન્તિઓને પડકારી છે. કશું જ આપણું નથી – જીવ્યા ત્યાં સુધીની માયા છે. ને બધું જ એની મેળે છૂટી જાય છે – જ્યારે છેવટે શાણપણ આવે છે. ગઝલોમાં આવી માર્મિક વાતો વણી-વર્ણવી લેનાર 'મિસ્કીન'ના ચારેક સંગ્રહોને અહીં ધ્યાનમાં રાખ્યા છે.





S 'છોડીને આવ તું...' (૨૦૦૫) S 'કોઈ તારું નથી' (૨૦૦૭) S 'પહેલી નજર' (૨૦૦૮) S 'આ પણ સાચું એ પણ સાચું...' (૨૦૦૮)

'તૂટેલો સમય' નામે ગઝલોની એક પુસ્તિકા વર્ષો પહેલાં પ્રગટ કરનાર 'મિસ્કીને' 'છોડીને આવ તું...'માં એમની કેટલીક નીવડેલી ગઝલો દ્વારા પરિપક્વ અવાજનો પરિચય કરાવ્યો છે. 'પહેલી નજર'ની ગઝલો એ નોંધે છે તેમ પ્રારંભકાળની છે ને મોડી પ્રગટ થઈ છે... છતાં એમાં આવનારા સમયની એંધાણીઓ વર્તાય છે ખરી.

મરીઝના ચાહક આ કવિના મરીઝની યાદ અપાવતા શેર વાંચો :

**ત્હારો છું ફક્ત ત્હારો છું એ ખ્યાલ કરી દે,**
**આપ ભલે તું ઝેર કિંતુ વ્હાલ કરી દે.**
**ક્યાં જિદ છે ? હૃદયને અબ્બીહાલ કરી દે,**
**મન થાય ત્યારે નાખી નજર ન્યાલ કરી દે.**

('પહેલી નજર'; પૃ. ૫)

બીજી એક બે માર્મિક વાત જુઓ :

**ઝરણામાં, ફૂલમાં, આ કણેકણમાં ઓળખું,**
**જાણું છું એના અક્ષરો – કેવા મરોડ નીકળે.**
**જોયા વિનાય ઝંખના સાચી દિશા તરફ,**
**મિસ્કીન જીવન જાણે આ ઝરણાંની દોડ નીકળે...'**

(એજન; પૃ. ૯)

પ્રેમની – વિરહની – ઝંખનાની આ તરસ કેવી તો તાર તાર કરતી અને ભીતરમાં માર માર કરતી ભટક્યા કરે છે !

**એકેક પળ જુદાઈમાં એવી પસાર થાય,**
**લાગે કે કૈંક સદીઓ પછીથી સવાર થાય.**
**ક્યારેક કલાકો સુધી હું રણઝણ્યા કરું,**
**એ સ્પર્શ છે કોનો ? જે હજુ પણ સિતાર થાય.**

(એજન; પૃ. ૧૦)

જીવન નામની બધી પળોજણોમાંથી ભાગી છૂટવા મન ઝાવાં મારે છે ને કોઈ એવું જકડી બેઠું છે જે ભાગવા દેતું નથી... આ મૂંઝારો, આ અસમંજસને કવિ વર્ણવે છે :

**કોણ છે જે ક્યાંયથી પણ ભાગવા દેતું નથી,**
**કોણ ઝંખે છે કે અબ્બીહાલ ભાગી છૂટીએ.**

(એજન; પૃ. ૧૫)

જિંદગી પ્રત્યેની આ મમત નથી સમજાતી... પીડા આપે છે તોય એનું આકર્ષણ મટતું નથી.

**એ પણ ખરું સંબંધ જરાય રહ્યો નથી,**
**એવુંય કૈં નથી કે નથી લાગણીય પણ !**

(એજન; પૃ. ૧૯)

પગથી માથા સુધીનાં દરદ હોય છે
માનવી ત્યારે સાચો મરદ હોય છે.

(એજન; પૃ. ૮૬)

હોવાપણું, પીડા અને પ્રેમ, કાયમની કસોટી : ‘મિસ્કીન’માંનો શાયર વળી વળીને આની વાત કરે છે. ખરું પૂછો તો એ જ જીવનની સ્થાયી ભાવો જેવી ઘટનાઓ નથી શું ?! કવિ એટલે સ્તો ! ઠાવકાઈથી લખે છે :

થાય છે ખુશ જો લોઢું ગણી તપાવીને,
કાં રહી જાય છે ? પછીથી ઘણ ઉઠાવીને.

હે લાગણી ! તું મોહેંજો-દડો કે લોથલ થા,
તને ય મૂકશું ઇતિહાસમાં સમજાવીને.

ઊભો રહ્યો છું હજી પણ હું રાહમાં તારી,
જતા રહ્યા છે વિચારો ધૂની ઠરાવીને.

હવે એ લોહીમાં અંગાર સમા ભટકે છે,
વળી ગયા છે શબ્દ હોઠ લગ આવીને. (એજન; પૃ. ૨૬)

પીડાના ડામને પરખતો આ કવિ અભિવ્યક્તિમાં રંગદર્શિતાની છાલકો ન વાગે એની કાળજી રાખે છે ને વાતને પ્રશિષ્ટ બાનીમાં મૂકે છે.

ગઝલ એ હવે માત્ર પ્રેમાલાપ પૂરતી મર્યાદિત વસ રહી નથી. નવોદિતો ભલે સપાટ બ્યાનીમાં રંગદર્શી લીટાલપેડા કરતા રહેતા હોય – (આથી, આજકાલ ગઝલલેખન શંકાના દાયરામાં આવી ગયું છે.) – ગઝલને આંતરિક અનિવાર્યતા અને પૂરેપૂરી સમજ તથા નિષ્ઠાથી પ્રયોજતા ગઝલકારો ‘નવો પડાવ’ બની રહે છે. ‘મિસ્કીન’ મનોજ-રાજેન્દ્ર પછીની ગુજરાતી ગઝલનો નવો પડાવ હોવાની પ્રતીતિ કરાવતી વૈવિધ્યસભર ગઝલો આપી રહ્યા છે.

ગઝલપ્રણયની વિવિધ છટાઓ પરિપક્વ અભિવ્યક્તિ દ્વારા રજૂ કરે છે ત્યારે એ આવકાર્ય બને છે. ‘મિસ્કીન’ આ બાબતે મરીઝની દિશાના શબ્દયાત્રી હોવાની ખાતરી થાય છે. દા.ત.

દરેક વખતે ટેવવશ ગુમાવતો જ રહ્યો,
કમાલ કરતો રહ્યો તુંય પણ જડીને મને.

જુદો જ ભીડમાં, કોઈની સાથ પણ જુદો,
સતત હું જોતો રહ્યો એકલો પડીને મને.

ખરું પૂછો તો નથી કોના જરાય વ્હાલા,
ઘણાંય થાય છે એવાં સગાં અડીને મને.

નથી જ કોઈનાય હાથમાં કશું ‘મિસ્કીન’
કર્યું છે સિદ્ધ દુઃખોએ સતત ઘડીને મને !

(‘એ પણ સાચું, આ પણ સાચું’, પૃ. ૩૮)

‘મિસ્કીન’ ગઝલોમાં નિર્ભ્રાંતિની વાત, વારેવારે (દરેક સંચયમાં) ઘૂંટી ઘૂંટીને કરે છે... કવિ મનુષ્યની નિયતિને ચીંધે છે ને એમાં કવિનું ‘હોવા’ વિશેનું શાણપણ પણ અનુભવાય છે. આ વિશેષોથી મિસ્કીન સમકાલીનોમાં નોખા વર્તાય છે. ‘કોઈ તારું નથી’ની વાત ઘૂંટાતી રહે છે :

‘કોણ અહીં કોનું છે ક્યાં લગ ? સઘળું નિશ્ચિત છતાંય લગભગ,
‘મિસ્કીન’ એનું નામ છે અંજળ... એ પણ સાચું આ પણ સાચું !’

(એજન; પૃ. ૧)

જેને જે લેવું – લેવા દે, જેને જે કરવું – કરવા દે,
વ્યર્થ બધાં દરવાજા-સાંકળ... આપ મૂએ સબ ડૂબ ગઈ દુનિયા.
તું જ અહીં કેવળ તારો છે માણસ માતર નોંધારો છે,
સઘળાં સગપણ અંતે મૃગજળ આપ મૂએ સબ ડૂબ ગઈ દુનિયા.’

(એજન; પૃ. ૯)

પીડા, વેદના, ઉપેક્ષાનું શલ્ય, છેતરનારાં ને વર્તણૂકની ભોંકાતી શૂળો, હતાશા, ઉદાસી, વિષાદ, વિ-રતિ : બધું અનુભવતો આ ગઝલકવિ, ઉક્ત વાનાંની સહજ અને પ્રભાવક અભિવ્યક્તિ કરે છે... એમાં રૂપકો, કલ્પનો, પ્રતીકો પણ હોય છે, તો વળી સીધુંસોંસરું પ્રત્યક્ષ કથન પણ વ્યંજના જગવવા માટે સક્ષમ હોય છે. મિસ્કીનનો આવો વિશેષ એમને ‘કવિ’ તરીકે પ્રસ્થાપિત કરી ચૂક્યો છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય ! થોડાંક દષ્ટાંતો લઈશું :

જે નથી ભાગ્યમાં એ સ્મરણમાં સતત,
યાદ આવ્યાં ઝરણ આમ રણમાં સતત.

ક્યાં મળાયું કદી જેમ મળવું હતું,
કોણ આ રાખતું આવરણમાં સતત.

એ જ ચાલે રમત રૂપ નોખાં ફકત,
જે કંઈપણ રમ્યા બાળપણમાં સતત.

(એજન; પૃ. ૭)

આટલું સમજાય તો જીવી જઈશ / કોણ ક્યારે કોની બાજુ હોય છે !
કોઈને કોઈ બીમારી નીકળે / કોઈ ક્યાં સંપૂર્ણ સાજું હોય છે.
ત્હેં કદી જે ફૂલ પુસ્તકમાં મૂક્યું / લાગતું હંમેશ તાજું હોય છે.
બ્હાર ભીતર ખૂબ સારું લાગતું / કોણ ત્યારે આજુબાજુ હોય છે.

(‘પહેલી નજર’; પૃ. ૬૭)

હોય છે ઘરમાં જુદો ને બ્હાર જુદો હોય છે,
એક માણસનો સતત વ્યવહાર જુદો હોય છે.
હોય છે સંસારમાં, સંસાર એનામાં નહિ,
કોઈ પણ જાગેલનો સંસાર જુદો હોય છે.

(‘એ પણ સાચું...’; પૃ. ૫)

એમ તારામાં મન પરોવાયું / જીવ વેલાનો જાણે વાડે છે,



પરબ v જુલાઈ, 2009

**હોય જો ઘર ચણાવીએ પાછું / દેહ છે દેહ એય ભાડે છે.**
**બારણું હોઉં એ રીતે 'મિસ્કીન' / કોઈ વાસે છે ને ઉઘાડે છે.**

('કોઈ તારું નથી'; પૃ. ૨૮)

જે સંવેદનશીલ છે, સજાગ પણ છે એનો તો કાયમ પીડા વચાળે જ પડાવ હોવાનો. નીવડેલા કવિઓની કવિતા આ જ વાત કરે છે. મિસ્કીનના ચારેય સંચયોમાં ઘણી ઘણી એંધાણીઓ મળે છે. સર્જકની સર્ગશક્તિને સરાણે ચઢાવતી ને અભિવ્યક્તિમાં પ્રાણ પૂરવા મથતી સર્જવાની – લખવાની રઢ (urge) આ કવિ પાસે એક રાતમાં, 'મોકલું છું' રદીફવાળી, ૧૬ ગઝલોનો ગુચ્છ લખાવે છે. એમાં પુનરાવર્તનો ને એકવિધતાનાં જોખમો છતાં બહુપરિમાણી પરિણામથી ભાવકને સંતોષ થાય છે. ('કોઈ તારું નથી' : પૃ. ૩૫થી ૫૦). ભાવાવેશ સાથે પ્રગટતી સમજણ માટે બે શેર ટાંકું છું :

**'હરપળે મનમાં થયું આ કોઈ આવ્યું / હરપળે ગૂંથ્યાં એ તોરણ મોકલું છું.'**
**'લાગતું છો સાવ તરણું : મોકલું છું / આખરી પળનું છે શરણું મોકલું છું.'**

મિસ્કીન ગઝલસ્વરૂપના પાક્કા અભ્યાસી પણ છે. ગઝલના મૂળ છંદો એ જાણે છે એમ પ્રયોજે પણ છે. પણ એ માત્ર 'અરુઝ'ને વળગી રહેતા નથી. પોતાની માતૃભાષાનો સ્વભાવ પરખીને આ કવિ, પરંપરિત લય તથા માત્રામેળ પણ પ્રયોજે છે... લઘુ-ગુરુનાં નિશ્ચિત જૂથો બનાવીને (લગાગા / લગાગાલગા વગેરે) પણ ગઝલ લખવાના બલકે સિદ્ધ કરવાના સહજ પ્રયત્નો અહીં સફળ થયેલા પમાય છે. ગઝલના મિજાજો – ઇશ્કે હકીકિ, ઇશ્કે મિજાજી – ને જાણતો આ કવિ ગઝલત્વ અને કાવ્યત્વ ઉભયની માવજત કરી જાણે છે. આગળ આપેલાં ઉદાહરણોમાં આ ઝટ પમાશે. મુશાયરામાં રજૂઆતનો રાજા ગણાવી શકાય એવો આ કવિ અભિવ્યક્તિ(લેખિત)માં પણ 'તગ્‌જ્જુલ' અને 'તસ્વ્વૂફ'ની પ્રતીતિ કરાવે છે. સરળતામાં ઊંડાણ, જીવનચિંતન તથા અધ્યાત્મની અભિવ્યક્તિ કરી શકતી ગઝલો લોકભોગ્ય પણ બને છે. મિસ્કીન એ સન્દર્ભે લોકભોગ્ય કવિ છે. મત્લા અને મુક્તકોની સ્વતંત્ર રચના કરતો આ કવિ 'છોડીને આવ તું...' ગઝલસંચયને અંતે બા અને વતનવિચ્છેદની ગીતગંધી, સુચારુ ભાવાભિવ્યક્તિવાળી ધ્યાનપાત્ર રચનાઓ આપે છે. મિસ્કીન સારાં ગીતો લખી જ શકે એમ છે. આશા રાખીએ એ દિશામાં પણ પરિણામો મળશે. એકબે દૃષ્ટાંતો ટાંકીને અટકીશું :

**'મેડી ડોકાબારીવાળી બાળપણાની ભેરુ**
**રાત પડે ને જોતો ત્યાંથી ઝગમગતું ધોલેરું.**
**મેડીની સંગાથે ઢગલાબાજી, ઘરઘર રમતો**
**શિરામણ, રોઢો ને વાળુ એની સાથે કરતો.'** (પૃ. ૮૯)

**'કઈ દિશામાં મોર કેટલા ટહુક્યા વેઢે ગણતો,**
**ઘરમાં ઘરડા એમ સમજતા હશે છોકરો ભણતો !'** (પૃ. ૯૧)



મેઘાણીની જહેમતથી, સાધનાથી, એ બધા સાહિત્યકારોને ભાન થયું છે કે જેને આપણે અભણ સમાજ માનીએ છીએ તે સમાજમાં પણ વિવિધ સંસ્કારિતાની અદ્‌ભુત ખુશબો ભરેલી છે.

આ ભાનમાંથી લોકાભિમુખતા આ વર્ગમાં આવી, અને એને લીધે બંને વર્ગો નજીક આવ્યા. ઉચ્ચનીચ ભાવ મૈત્રીને પોષક નથી.

મૈત્રી માટે સમાન ગુણધર્મનું ભાન જરૂરી છે. લોકસાહિત્યમાં તુચ્છતા નહોતી, પણ મહાન ગુણો હતા તેનું ભાન ભદ્ર વર્ગને કરાવ્યું.

આ છે મેઘાણીના પુરુષાર્થનું એક ઐતિહાસિક પરિણામ.

**– મનુભાઈ પંચોળી**

**ભૂલ-સુધારણા**

પરબ જૂન-૨૦૦૯ અંક નંબર-૧૨માં પૃષ્ઠ ૯ ઉપર દિલીપ જોશીની રચના 'અનહદ અપાર સાથે'માં છેલ્લી પંક્તિનો પ્રથમ શબ્દ ''પાસો'' છપાયેલ છે. તેના બદલે ''પાલો' વાંચવો.

# સમીક્ષા/ગ્રંથાવલોકન

## વિદગ્ધ પાત્રોની વિ-લક્ષણ ભાવસૃષ્ટિ | વિજય શાસ્ત્રી




**[તથાસ્તુ (વાર્તાસંગ્રહ)** : રમેશ ર. દવે, પ્રકાશક : અમરભાઈ ઠાકોરલાલ શાહ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, પ્ર. આ. ૨૦૦૮, પૃ. ૨૮+૨૧૨ = ૨૪૦, કિં. રૂ. ૪૦/-]

'વાર્તા જ વિરાજમાન રહી છે' નામે આમુખમાં લેખક કહે છે : 'અવનવાં વિષય અને વસ્તુ અવારનવાર મનના બારણે ટકોરા મારે છે.' (પૃ. ૨૪) વાત સોળ આની સાચી છે. 'તથાસ્તુ'ની બારેબાર રચનાઓ ઑફબિટ કહી શકાય એવી વાતને 'વાર્તા' રૂપે પ્રસ્તુત કરે છે.

સૌપ્રથમ રચના 'કંઠે હાલરડાંનાં રૂંધ્યાં કપોત' પરિસ્થિતિ અને તેના(પરિસ્થિતિના)થી ગ્રસ્ત પાત્રોની સંવેદનાના સંનિકર્ષની વાર્તા છે. અનંતની સંતાનેચ્છા 'સ્પર્મકાઉન્ટ જ અનક્યૉરેબલ' (પૃ. ૩) હોવાથી અતૃપ્ત રહેવા સરજાઈ છે એવું જ્યારે નિદાન થાય છે ત્યારે 'સુચેતાએ અનંતનો પકડેલો હાથ હળવેકથી દબાવીને પડું-પડું થતી એ પડેલી વીજળીને જાણે પોતાનામાં ઉતારી દીધી હતી.' (પૃ. ૩) આ પ્રતિરૂપ વાર્તાકાર રમેશ ર. દવેની ઓળખ આપવા પૂરતું નીવડે છે. વિશિષ્ટ પરિસ્થિતિ અને / અથવા પરિસ્થિતિની વિશિષ્ટતા કદાચેય હાથવગી હોય પણ તેની આવાં પ્રતિરૂપો વડે અપાતી ઓળખ વાર્તાકારની પોતીકી હોય છે. પછી તો એ. આઈ. (આર્ટિફિશિયલ ઇન્સિમિનેશન)ની મદદથી સુચેતા ગર્ભ ધારણ કરવા તૈયાર થાય છે એ બિંદુએથી એક તરફ સુચેતા એકલી-અટૂલી અને બીજી તરફ બીજાં બધાં એમ જાણે કે પાત્રસૃષ્ટિ વિભાજિત થઈ જાય છે. અન્ય પાત્રો આવનારા સંતાન અને તેની પશ્ચાદ્ અસરોની ચર્ચામાં વ્યસ્ત રહે છે પણ સુચેતાને તો ફક્ત માતૃત્વનું જ વળગણ ધરાવતી દર્શાવી છે. એ વળગણને જ ધાર કાઢી કાઢીને કૃતિને અંતે વેધક રીતે ઉપસાવી આપ્યું છે એમાં પ્રગટતી લેખક(પુરુષલેખક)ની નારીહૃદયને ઓળખવાની ક્ષમતા વાચકને પ્લાવિત કરી મૂકે એટલી સશક્ત છે. સુચેતા વિ. અન્ય પાત્રોની ગતિવિધિનાં સંવિધિકરણો રચનારીતિના મુખ્ય અંશો છે તેની નોંધ લેવાવી જોઈએ.

'ત્યાં જ ઊભી છું આજ લગી'માં દીકરી વિભાવરી, માતા દેવયાની સામે જે સાધુની વાત હરખભેર કરે છે તે સાધુ અસંગાનંદ જ મા (દેવયાની)ને પોતાનો ભૂતકાળનો પ્રેમી હોવાની શંકા થાય એ પરિસ્થિતિ જ નાટ્યક્ષમ છે. દેવયાની અનંગ (સાધુનું પૂર્વાશ્રમનું નામ)નાં સ્મરણોમાં ખોવાઈ જાય ત્યારે ચૈતસિક રીતે જોતાં ભૂતકાળમાં જ્યાં હતી ત્યાં જ અત્યારે, વર્તમાનમાં પણ છે એમાં બે સમયોનું સમાન્તરીકરણ રસપ્રદ બને છે. દેવયાનીનાં સ્મરણો સમયના અવકાશને ઘૂંટે છે. આ રચનામાં દીકરી મૂળ, મુખ્ય વાત પર આવતાં





ખાસ્સો વિલમ્બ કરે છે તેથી કંટાળીને મા તેને માટે કહે છે : 'તોય મૂળ વાત તો નહીં જ કહે ! તારી આ જ મુશ્કેલી છે.' (પૃ. ૧૬) આ વિધાન લેખકની કથનકલાને પણ લાગુ પડે એવું છે. રમેશ ર. દવે લાંબી લેખણે, ધીમે ધીમે છટાથી વાર્તા માંડે છે, બહેલાવે છે ને અંત સુધી નિર્વહણ કરે છે.

'કોઈક તો પૂછે'નાં પાત્રોની કથા રહસ્યાત્મકતાને લીધે રસાત્મક બની છે. કથનરીતિ કથારસને ઘૂંટતી રહે છે. સંદીપ પોતાના પિતા કિશોરકાન્ત સગા નહિ પણ સાવકા પિતા છે એવી શંકાથી પીડાય છે, કથાપ્રવહણ દરમિયાન એ વાત Confirm થાય પણ છે, પણ આ પરિસ્થિતિમાં ફસાયેલાં પાત્રોની વૈયક્તિકતા અને વિશિષ્ટતા લેખક ઉપસાવતા જાય છે તે રચનાનું રસસ્થાન છે. કેટલાક કટાક્ષો આસ્વાદ્ય હોઈ, ટાંક્યા છે –

'તમે વિલક્ષણ, બુદ્ધિવંત, તર્કકુશળ અધિકારી બનો, એવી કાળજી રખાય છે. આ બધાંમાં પેલો મનુષ્ય લગભગ ઠીંગરાઈ જાય છે અને એ બાબતને પાછું ઠીક ઠીક મહત્ત્વ પણ અપાય છે.'

'એણે તટસ્થ રહીને બધા નિર્ણયો કરવાના હોય છે એટલે માની લેવાયું છે કે લાગણી તો બુદ્ધિની આડે જ આવતી હોય છે એટલે પછી સામે બેઠેલી (ચોપડીમાં 'બેસેલી' છે.) વ્યક્તિ, ફરિયાદી શું કહે છે તે સાંભળવા, સમજવાને બદલે આ અધિકારીઓ નિયમ શું કહે છે ? નિયમ મુજબ શું ન થઈ શકે એનું ધ્યાન વધારે રાખતા હોય છે.' (પૃ. ૩૧-૩૨)

'નિર્જન પગદંડીઓ'ના, જ્ઞાનપીઠ જેવા ઉચ્ચતમ સાહિત્યિક પારિતોષિકને પ્રાપ્ત કરી ચૂકેલા જયંતકુમાર કૃતિના અંતભાગે જાણે સંકલ્પ કરતા હોય એમ સ્વાગત કહે છે કે 'નથી થવું એવા સાહિત્યસ્રષ્ટા જેની મૂળે મનુષ્ય તરીકે જીવવાની ખેવના જ મરી-પરવારી હોય !' (પૃ. ૬૧) આવો સંકલ્પ જે પરિસ્થિતિએ જન્માવ્યો તે છે ૩૦ વર્ષ પૂર્વેની પ્રિયતમા વંદના નિયત દિવસ કરતાં વહેલી (સરપ્રાઇઝ આપવા) આ લેખક-પ્રેમી-ને મળવા આવે છે ત્યારે ત્રીસત્રીસ વર્ષોએ એનો બાહ્ય દેખાવ બદલી નાખ્યો હોઈ, લેખકમહાશય તેને ઓળખી શકતા નથી અને કોઈ અજાણી મહિલા તરીકે આવકારો આપે છે. પરિસ્થિતિગત નાટ્યોચિત વક્રતા એ છે કે તેનું સતત સ્મરણ થતું રહેતું હોય એ વ્યક્તિ જ્યારે સાક્ષાત્ સન્મુખ આવીને ઊભી રહે ત્યારે અજાણી લાગે ! આ આખી વાત, શબ્દજીવી અને તથાકથિત સંવેદનશીલ સર્જક પણ વાસ્તવના અપરોક્ષ સાક્ષાત્કારને સાચા પરિમાણમાં અવગત નથી કરી શકતો તે વ્યંગ્યને પ્રતીકાત્મક રીતિએ ઉપસાવે છે. પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્રની થયેલી પસંદગી કૃતિને ફળી છે. વાચિક અભિનયની ભરપૂર શક્યતાઓ અહીં પડેલી છે. ૩૦ વર્ષ બાદ વ્યક્તિ ન જ ઓળખાય એ વાત થોડી દુરાકૃષ્ટ લાગે પણ એ તો એક રૂપક છે. એ રીતે જોઈએ તો આસ્વાદ્ય લાગશે. સાહિત્યસર્જક હોવાના ભ્રમ, અહંકાર અને આત્મતુષ્ટિમાં રાચતા પ્રત્યેકને પોતાની જાત સાથે આવો પ્રશ્ન થવો જોઈએ. શબ્દ અને જીવન વચ્ચેના અંતરાલને તાગવાની મથામણ અહીં રૂપ પામી છે.

ફિલ્મ 'નિકાહ'ની –

**કલ તુમ જુદા હુએ થે, જહાં સાથ છોડકર,**
**હમ આજ ભી ખડે હૈ વહાં દિલકે મોડ પર**[S]

S આ પંક્તિઓ સ્મૃતિ પરથી ટાંકી છે. ક્યાંક કશો ફેરફાર હોવાનો સંભવ છે. **– વિ. શા.**

પંક્તિઓનું સ્મરણ કરાવતી 'સ્ટેચ્યૂ' કૃતિમાં નાનપણની એ રમતનો જસ્ટિસ ચિત્તપાવન અને સુષમા દેસાઈના પ્રણયસમ્બન્ધપરત્વે સરસ વિનિયોગ થયો છે પણ પોતે સંતાન ધારણ કરી શકે એમ નથી તે કારણે પ્રેમી મૃગેશ સાથેના સમ્બન્ધનો મઝધારે અંત આણી દેતી સુષમાની ચેષ્ટા મૅલોડ્રામેટિક લાગે છે. મારી આ વાત, પ્રસ્તાવનામાં બિપિન પટેલે શબ્દફેરે આ રીતે કહી છે : 'આખી વાર્તા કોણ જાણે સર્જકે મનોમન ઘડેલી ઘટનાની આસપાસ ઘટનાઓ ગોઠવી, રંગો પૂરી, એઇમ્ડ એન્ડ સુધી લઈ જાય છે એવું સતત લાગ્યા કરે છે.' (જુઓ : 'ઉદાત્ત પાત્રો સાથે સંવાદ' શીર્ષક ધરાવતી પ્રસ્તાવના : પૃ. ૧૩)

'આસમાની' વાર્તામાં એક વાક્ય આવે છે : 'વીતી વાતોનો શો મોહ ?' (પૃ. ૮૦) મનવંતરાયની ભૂતકાલીન પ્રેમિકા વનિતાને વીતી વાતોનો મોહ 'છે' અને એટલે મૃત્યુશય્યા પર પડેલી તે છેલ્લે એક વાર મનવંતરાયને જોવા-મળવા માગે છે. પુત્રવધૂ શામલી પાસે મનવંતરાય પર કાગળ લખાવે છે (સાસુ પુત્રવધૂ પાસે ભૂતકાળના પ્રેમી પર પત્ર લખાવે તે 'બાત કુછ હજમ નહિ હુઈ !) પણ એ પાત્રવૈશિષ્ટ્યસંદર્ભે સ્વીકારવી ઘટે. એ પત્ર ભૂતકાળની પ્રેમિકાનો હોવા છતાં મનવંતરાય, પત્ની કૌશલ્યાને પણ વંચાવે છે તે(વી) ઘટના કદાચ મનવંતરાય-કૌશલ્યાના પ્રસન્ન દામ્પત્યના સંકેત માટે મુકાઈ લાગે છે. વનિતાને ખૂબ ગમતા આસમાની રંગનું શર્ટ ખુદ કૌશલ્યા એક રાત્રિના અંતરાલ દરમિયાન પતિ મનવંતરાય માટે લાવીને ભેટ ધરે છે એટલું જ નહિ, એ પહેરીને જ 'સંધ્યાટાણે' મનવંતરાયને પૂર્વપ્રેમિકા વનિતાને મળવા જવાનો આદેશ પણ આપે છે. સરેરાશ ભાવકને પ્રશ્ન થાય કે આવું બને ખરું ? જવાબમાં કહીશું કે આ ('તથાસ્તુ'ની) દુનિયામાં ન બનવા જેવું ઘણુંઘણું બને છે. એક વારની ઘટનાનું જ્યારે Action-Replay થાય ત્યારે તે (ઘટના) કેવા સ્વરૂપે ઊપસે – ઊપસી શકે તેના કુતૂહલથી થયેલો એક પ્રયોગ 'આસમાની' વાર્તામાં પડે છે. આખી રચનામાં ભૂત અને વર્તમાન વચ્ચેનો સુદીર્ઘ સમયાવકાશ પાત્રો અને પરિસ્થિતિનાં નવ્ય પરિમાણો ઉપસાવવા સક્રિય બને છે. સમયતત્ત્વ પાસે આવું કામ કઢાવવા લેખક એકાધિક કૃતિઓમાં ઉદ્યત થયા છે. કૌશલ્યા માનવસહજ ઈર્ષ્યાથી પ્રવર્તે છે એવો બિપિનભાઈનો અભિપ્રાય જો સ્વીકારીએ તો કૌશલ્યાનું પાત્ર હિનગૌરવ બની રહે, જે કદાચ લેખકને અભિપ્રેત ન પણ હોય.

'લંબાયેલો હાથ'માં ભૂકંપથી તૂટી પડેલા અપાર્ટમૅન્ટના કાટમાળ નીચે દટાયેલાં-ફસાયેલાં માનસી-તુષારનાં દશ્યોની પરમ્પરાથી એક અસાધારણ પરિસ્થિતિનું જે નિર્માણ થાય છે તે જ પહેલાં તો રસપ્રદ બને તેવું છે. આ બે પાત્રોની શારીરિક સ્થિતિનાં ચિત્રો તો તાદશ છે જ પણ લેખકને રસ છે તેમની માનસિક પરિસ્થિતિમાં. માનસીના મનમાં વિચાર આવે છે કે –

'માનસી, તારે જીવવું છે ને ! ઠીક, જીવને તું તારે ! પણ તને એ તો ખબર છે ને માનસી કે જીવી જઈનેય તું કંઈ મોટી મોથ મારી લેવાની નથી ! ધરતીકંપ થયો ને તને ખબર પડી એ જ વખતે જેનો હાથ પકડીને સલામત બચી નીકળવા તેં હાથ લંબાવ્યો હતો જેની તરફ – એ નંદન, હા, તારો વર... એની જ વાત કરું છું ! એ નંદન તો પોતાની જાત બચાવવા, તારી તો ઠીક પણ નાની હીરલનીય ચિંતા કર્યા વિના, બબ્બે પગથિયાં કૂદતો ભાગી છૂટ્યો હતો. એટલે ધારી લે કે તું આમાંથી સલામત બહાર નીકળીને જીવી જશે તોયે તારે રહેવાનું – જીવવાનું તો આ નંદન સાથે જ છે ને !' (પૃ. ૯૭-૯૮) બીજી તરફ તેને બચાવનાર તુષારનું મનોમય રૂપ માનસી જોઈ શકે છે અને એટલે જ જ્યારે સલામત રીતે કાટમાળ નીચેથી બંને બહાર નીકળે છે ત્યારે નંદન તરફથી પોતાની 'નજર ખેસવી' લઈને માનસી તુષાર તરફ 'હળવેકથી' જોઈ લે છે એ નજરનું હળવું વિચલન વાર્તાની અત્યંત વજનદાર ઘટનાક્ષણ છે. નજરનું અહીંથી ત્યાં ખસવુંમાં આખી ને આખી વ્યક્તિપસંદગી બદલાઈ જાય છે. માનવસમ્બન્ધોનું આખું ગણિત ધરમૂળથી બદલાઈ જાય છે.

સંગ્રહનું નામ જેની પરથી અપાયું છે એ 'તથાસ્તુ' રચનાનો ચંદ્રહાસ, 'બેવફા' જેવો સસ્તો, લપટો શબ્દ જેને માટે પ્રયોજી શકાય એવી પત્ની માલતીનો પતિ છે. માલતી, નચિકેતના પ્રેમમાં છે અને નચિકેતની પત્ની સુનીતા બેવફા પતિ (પત્ની અને પતિને સામસામાં 'બેવફા' ગણાવાયાં છે. એકની પત્ની બેવફા, બીજીનો પતિ)ની બેવફાઈથી ઉશ્કેરાઈને તેને 'બતાવી દેવા'ના આશયથી ચંદ્રહાસ પાસે (પ્રેમની માગણી કરવા !?) આવે છે. બીજી બાજુ ચન્દ્રહાસ પણ પત્નીની બેવફાઈથી અલબત્ત વ્યથિત તો છે જ પણ પ્રેના મામલામાં 'બાંધ્યા કણબીએ ગામ નહિ વસે' એ ન્યાયે, પતિ હોવામાત્રથી પત્નીનો પ્રેમ મેળવી શકાતો નથી એવી સમજથી જીવે છે અને એ વાત સુનિતાના ગળે ઉતારવા પણ મથે છે. પ્રેમનું મેટાફિઝિક્સ આલેખવાના યત્નો સુરેશ જોષીની 'છિન્નપત્ર' અને રઘુવીર ચૌધરીની 'અમૃતા'થી માંડીને અત્યાર સુધીમાં ગુજરાતી કથાસાહિત્યમાં ઓછા નથી થયા પણ અહીં એ (પ્રેમનું મેટાફિઝિક્સ) દુર્બોધ, વાયવી કે નર્યું કાવિતિક બની રહેવાને બદલે વાસ્તવસંદર્ભોથી યુક્ત હોવાથી સ્પર્શક્ષમ – Tangible બન્યું છે એ નોંધને પાત્ર છે.

'મનને તો કોઈ લગામ જ ક્યાં છે ?' (પૃ. ૧૪૫) વાક્ય 'તમે ખૂબ ગમો છો, પણ' વાર્તાનું ચાલકબિન્દુ છે. વિધુર પિતા માટે જીવનસાથી તરીકે બાવન વર્ષની, નિઃસંગ જીવન જીવતી અધ્યાપિકા અનુપમાનો સંપર્ક સાધતા પુત્ર સંદીપ પ્રત્યે જ આ અનુપમા આકર્ષાય અને વાઇસેવર્સા સંદીપ પણ અનુપમાના 'પ્રૌઢ પણ ભરાવદાર, અસ્પૃશ્ય વક્ષઃ....' (પૃ. ૧૪૭)થી તીવ્ર આકર્ષણ અનુભવે ત્યાં સુધી વાર્તાના શીર્ષકના 'તમે ખૂબ ગમો છો' શબ્દો સક્રિય થાય છે છતાં એ વાતને વાળી લેતો વિવેક જ્યારે સંદીપમાં પ્રગટે છે ત્યારે એ શીર્ષકમાંનો છેલ્લો શબ્દ 'પણ' સક્રિય બને છે. વિગતપ્રચુર પ્રસંગે આખી વાતને યોગ્ય રીતે ઘૂંટવામાં સહાયક બની રહે એ રમેશ ર. દવેના વાર્તાલેખનની (સમગ્રભાવે) લાક્ષણિકતા છે. પરસ્પરના આકર્ષણને અળપાવા દીધા વગર, એને પોતાના પર હાવી ન થવા દેવાની વાત સંદીપના પક્ષે મક્કાઈ છે તે આગંતુક એટલા માટે નથી લાગતી કે વાર્તાના પ્રારંભથી જ લેખક તેની (સંદીપની) આગવી પ્રકૃતિની એંધાણીઓ ઠેર ઠેર દાખવતા રહ્યા છે જે લેખકની પાત્રાલેખનવિષયક સજ્જતા અને સર્જકતાની દ્યોતક ઘટના છે.

'મને શ્રદ્ધા છે' રજવાડાની વિશિષ્ટ પરિસ્થિતિ આલેખતી રચના છે. બળવંતસિંહ ને મોહિનીબાનાં લગ્ન થાય છે પણ સંતાનપ્રાપ્તિ શક્ય નથી તેથી દિયર જોરુભાના સંયોગથી પુત્ર મેળવે છે. (દિયરવટાની પ્રથા ચોક્કસ સમાજમાં ચોક્કસ સમયે હતી જ.) દીકરાની મોંકળા જોરુભા જેવી હોઈ તેને (દીકરાને) મનમાં કેટલાક પ્રશ્નો થાય છે જેનો ઉકેલ, સાચી હકીકત તેને કહેવા-સમજાવવા, ગળે ઉતારવામાં રહેલો જણાય છે, અને એ બધું સમજી-(સ્વીકારી પણ) શકશે એવી શ્રદ્ધા બળવંતસિંહમાં છે ત્યાં વાર્તા પૂરી થાય છે. આ સંદર્ભે

પશ્ચિમના સ્પેનિશ લેખક મિગ્યુએલ ઉનામુનોની લઘુનવલ 'Two Mothers'Sનું સ્મરણ થાય છે. એમાં પણ આવાં જ પ્રશ્ન અને પરિસ્થિતિ આસપાસ કથા ગૂંથાઈ છે.

'ત્યારે હેં દેવાયતભા, તમે શું કરશો ?' રચનામાં પૂરા ભારાડી એવા દેવાયતમાં એક માનવહૃદય રહેલું છે તેને ઢંઢોળવાથી તે ધબકી ઊઠશે એવી શ્રદ્ધાના જોરે સીમા જે સાહસ આદરે છે તેની કથા છે પણ બોલકાપણાને લીધે વાત જામતી નથી, કૈંકઊભડક રહી જતી લાગે છે. બિપિન પટેલે પ્રસ્તાવનામાં આ સંદર્ભે દોસ્તોયેવસ્કીની નવલકથા 'ધ બ્રધર્સ કરામઝોવ'નાં પાત્રો ફાધર ઝોસિમા અને દમિત્રિનો ઉલ્લેખ કર્યો છે પણ દેવાયત અને દમિત્રીમાં, ઝોસિમા અને સીમા-માં એટલો ફેર છે, જેટલો દોસ્તોયેવસ્કી અને રમેશ ર. દવેમાં.

'અંદર-બહાર' વાર્તામાં પપ્પાનું પાત્ર એચ. આઈ. વી. પૉઝિટિવ રોગથી ગ્રસ્ત છે. ઘરનાં માણસો (ધ્વનિ સિવાય) તેમને અસ્પૃશ્ય માની વર્તે એ પરિસ્થિતિ જ કરુણ છે પણ લેખક અહીં જે તાકે છે તે વાત વાર્તાનાં નિમ્નલિખિત કથનો દ્વારા પ્રગટે છે.

''– પણ પપ્પા, તમારા સમજાવવાથી એ લોકો સમજે છે ખરાં ? એમની સમજ બદલવા તૈયાર છે ? એ લોકો સમજે જ નહીં તો ?

– તો એમની સમજને, એમના સ્વજન તરીકે મારે સ્વીકારી લેવી જોઈએ.

– એ સહેલું છે, પપ્પા ?

– અઘરું છે એટલે તો કહું છું કે સંઘર્ષ માત્ર બહાર જ નથી. બહાર તો વિધિનિર્માણ છે. એ વિધિનિર્માણનો પણ હું નીચી મૂંડીએ સ્વીકાર કરી લેવા તૈયાર નથી. ..... આ સંઘર્ષ આવડી ગયો... તો પછી તમે બાર ગામના બાદશાહ !' (પૃ. ૧૯૨-૧૯૩)

અહીં વાત ભલે એક રોગની પસંદ થઈ છે પણ એ તો એક નિમિત્ત છે. આ કે આવા બીજા કોઈ પણ નિમિત્તે માનવસમ્બન્ધોમાં જે વાંકવળોટો પ્રવેશે, સરજાય તેને કઈ રીતે ટેકલ કરવા તે લેખકે તાક્યું છે.

જોઈ શકાશે કે માનવીય સમ્બન્ધોની અકલ્પ્ય અને અકળ તરાહો વિશેની લેખકની નિસબતે આ રચનાઓ જન્માવી છે. રમેશ ર. દવેનું એક વિશિષ્ટ વલણ દરેકેદરેક રચનામાં નિયામક બનતું જણાય છે પરિણામે નર્યો કથારસ અહીં નીપજતો નથી. 'કથા'ના મહત્ત્વને, ગૌરવને લેશ પણ અળપાવ્યા વગર સંકુલ ભાવવિશ્વનું આલેખન તેમને અભિપ્રેત રહ્યું છે. પરિણામે કથાતન્તુ સાભિપ્રાય બની રહે છે. પાત્રસૃષ્ટિ પણ વિલક્ષણ અને સરેરાશથી વધુ – Above average – બને છે. વિદગ્ધતાસભર પાત્રો આપણને પણ્ડિતયુગમાં જડેલાં તેનો પુનરાવતાર, સામ્પ્રત માનવીય પરિસ્થિતિ સંદર્ભે થતો અનુભવાય છે અને તે પણ 'વાર્તા'ને અકબંધ જાળવતો !

હરીશ ખત્રીએ રમેશ ર. દવેના 'જલાવરણ' વાર્તાસંગ્રહ વિશે પાઠવેલા પત્ર – પ્રતિભાવ નીચે આપણી સંમતિની સહી કરી શકીએ એમ છીએ કે – 'વાર્તાક્ષમ પરિસ્થિતિઓને પસંદ કરવાની, ખાસ કરીને પાત્રની વિશિષ્ટ મનઃસ્થિતિ કે મનોસંચલનો તથા પાત્રની લાગણી અને તેના ભાવજગતમાં પડેલી સંકુલતાઓ સુધી પહોંચવાની ઊંડી અને સૂક્ષ્મ દૃષ્ટિ, એ વાર્તાકાર તરીકેનું સબળ જમા પાસું છે.' (પૃ. ૨૧૦)

---

S ગુજરાતી અનુવાદ 'મા અને મા' 'ત્રણ વિદેશી લઘુનવલો', વિજય શાસ્ત્રી, ગૂર્જર, અમદાવાદ.



Parab Online
July 2009
Page: 14

## પત્રકાર થવા ઇચ્છુકોનું બાઇબલ | યૉસેફ મૅકવાન

['લેખન અને પત્રકારત્વ' : લેખક : ફાધર વર્ગીસ પૉલ, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધીરોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧, પાનાં ૧૩૦, પાકું પૂંઠું, કિં. રૂ. ૭૦/-]

પત્રકારત્વ અને લેખનને એક કલા તરીકે જોનાર ફાધર વર્ગીસ પૉલ પોતાના 'લેખન અને પત્રકારત્વ' પુસ્તકમાં પત્રકારે પોતાના અખબારલેખનમાં સર્જનાત્મક સંસ્પર્શ કેવી રીતે આપી શકાય, પોતાના લખાણની ધાર કેવી રીતે નીસરે અને નિખરે તેની વાત સાદી-સરલ ભાષામાં કહી છે. પત્રકાર તરીકેના પોતાના ૩૦ વર્ષના અનુભવોનો નિચોડ અહીં જોઈ શકાય છે. તેઓ પોતે અંગ્રેજી પત્રકારત્વના અભ્યાસક્રમની કાર્યશિબિરો પણ દેશ-પરદેશમાં ચલાવે છે. પોતાના બહોળા જ્ઞાનનો લાભ પત્રકારત્વના ક્ષેત્રે પા પા પગલી ભરતા પત્રકારોને મળે એ એમનો શુભ આશય અહીં સ્પષ્ટપણે જોઈ શકાય છે.

પત્રકારત્વના ક્ષેત્રે ડિગ્રી કે ડિપ્લોમા મેળવી લેવાથી કામ સરતું નથી. પોતાના લખાણને અસરકારક બનાવવાનાં પાંચ સૂચનો તેઓ આ પુસ્તકમાં આપે છે. પત્રકાર થવા માગતા યુવાને વાચનનો શોખ કેળવવો પડે. બધું જ સાહિત્ય વાંચવાનો ગુણ કેળવવો પડે. બીજું સૂચન, લખવાની ટેવ પાડો. રોજ કંઈ ને કંઈ લખો. પોતાના વિચારો સ્પષ્ટ કરવા વારંવાર લખ-ચેક-ભૂંસની રીત અજમાવો. ત્રીજું સૂચન આપતાં કહે છે, નિરીક્ષણશક્તિ વિકસાવો. કુતૂહલવૃત્તિને પોષો. તેથી બધામાં રસ લો. આમ કરવાથી જ્ઞાનની – માહિતીની તમારી ક્ષિતિજો વિસ્તરશે. ચોથું સૂચન, મહેનત કરવાથી પાછા ન પડો, એ આપે છે. પાંચમું સૂચન છે, હિંમતથી લખો. લખાણ પરત આવે કે ન સ્વીકારાય તો નાસીપાસ થયા વિના તે પડકારને ઝીલી લો અને લખવાનું ચાલુ રાખો. અટકો નહીં.

આ પુસ્તકમાં ફાધર છાપાના તંત્રી પર લખવાના પત્રોની પણ સરસ રીતરસમ શીખવે છે તેવા પત્રલેખનની ટેવ પડે તો લેખનનો રાજમાર્ગ તમે કંડારી શકો એવું ગર્ભિત સૂચન બીજા પ્રકરણમાં છે.

લેખનનો રાજમાર્ગ કંડારનારા નવોદિત લેખકોને તેઓ દસ આજ્ઞાઓનું નમ્ર સૂચન કરે છે. આમ સૂચવતી વખતે પોતે પોતાના વિશે નમ્રતાથી કહે છે, 'હું એક સામાન્ય કક્ષાની બુદ્ધિમત્તા ધરાવતો એક સરેરાશ વ્યક્તિ છું.'

નવોદિત લેખકોને આપેલી દસ આજ્ઞાઓમાંથી પહેલી છે – ભાષા પર પ્રભુત્વ મેળવવાની રીત. એ માટે વિચારોને સરળ – સાદી ભાષામાં મૂકો. ક્વોટેશનોથી દૂર રહો. બીજી આજ્ઞા છે ઉત્તમ પુસ્તકોનું વાચન. તેનાથી ભાષાશૈલી ઘડાશે. વિચારોને, ખ્યાલોને રજૂ કરતાં આવડશે. ત્રીજી આજ્ઞા છે જે લખવા ચાહો તેની પાયાની વિગતો પ્રાપ્ત કરી લો. જરૂરી માહિતી મેળવી લો. પછી જ લખો. ચોથી આજ્ઞા છે રોજનો સમય નક્કી કરી લખવાનો પ્રારંભ કરો અને એને વળગી રહો. પાંચમી આજ્ઞા છે લખતાં પહેલાં કાગળમાં કે મનમાં આયોજન કરો. તે અંગેના મુદ્દા વિચારી કાગળ પર નોંધો કે મનમાં ગોઠવી લો. પછી તે સડસડાટ લખાશે. છઠ્ઠી આજ્ઞા છે જિજ્ઞાસા કેળવો. પત્રકારો – લેખકોને માટે આ ગુણ હોવો ખાસ જરૂરી છે. સાતમી આજ્ઞા – અન્ય લેખકો-પત્રકારો સાથે સંપર્કમાં રહેવાનું ફરમાવે છે. જેથી એમનો ઘણી રીતે લાભ મળી શકે. આઠમી આજ્ઞા આપતાં કહે છે કે

– તમારાં ટીકા-ટિપ્પણનો સ્વીકાર કરો. તેનાથી તમારું લખાણ સુધરશે. નવમી આજ્ઞામાં કહે છે લખો... ફરીફરીને લખો. મઠારો. જગતની મહાન કૃતિઓ એ રીતે જ લખાઈ છે. છેલ્લી દસમી આજ્ઞામાં કહે છે ‘સમયમર્યાદાનો સ્વીકાર’ કરો. સમયમર્યાદામાં રહી લખો તો જ તેનો અર્થ થાય.

– આમ સંપૂર્ણ સમાચાર કેવી રીતે સંપૂર્ણ બને છે તે પણ તેઓ પુસ્તક દ્વારા શીખવે છે તો કટોકટી વખતે પત્રકારનો શો ધર્મ હોઈ શકે છે તેની પર પણ પ્રકાશ પાડે છે. લખાણને મઠારવાની પણ કલા છે તેનો રસ પડે એમ ઉલ્લેખ કરે છે.

અનુવાદની કલા પણ ઉત્તમ અનુવાદોનાં ઉદાહરણથી લેખકે સમજાવી છે. જે વાંચતાં અનુવાદ કરવાની પ્રેરણા મળે એવું છે તેના સિદ્ધાંતો શું છે ને તેની સ્વતાલીમ કેવી રીતે લઈ શકાય તે પણ સમજાવ્યું છે.

ટૂંકમાં આ પુસ્તક પત્રકારત્વક્ષેત્રે પ્રવેશ કરવા ઇચ્છુક યુવાનોએ વાંચવું જ રહ્યું. સામાન્ય રીતે જીવનને સુંદર બનાવવા, નિષ્ઠાથી જીવવા ચર્ચની વ્યાસપીઠ પરથી ફાધર બોધ આપે છે, પરંતુ અહીં તો શબ્દો સાથે પનારો પાડનારને માટે ઊંચો, પવિત્ર અને સાચી દિશાનો સાચા અર્થનો બોધ ફાધરે આપ્યો છે. આ ક્ષેત્રમાં ફાધર વર્ગીસ પૉલનું પુસ્તક ‘લેખન અને પત્રકારત્વ’ પત્રકાર થવા ઇચ્છુકોનું ‘બાઇબલ’ ગણાશે એ નિશ્ચિત ને નિઃશંક છે.





# પરિષદવૃત્ત

**સં. અનિલા દલાલ**

(૧) પરિષદ અંતર્ગત રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૩-૬-૨૦૦૯ના રોજ શ્રી નિરંજન ભગતે ‘ટાગોર અને રાષ્ટ્રવાદ’ વિશે વક્તવ્ય આપ્યું. રવીન્દ્રનાથે વિદેશોમાં રાષ્ટ્રવાદ પર આપેલાં વ્યાખ્યાનોમાં રજૂ થતાં તેમના રાષ્ટ્રવાદ વિશેના વિચારોને આધારે આ વક્તવ્ય થયું હતું.

(૨) ગુજરાતી સાહિત્ય પરિષદ અને અમરેલીની કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે સર્જક શ્રી જનક ત્રિવેદીની સ્મૃતિમાં ‘વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા’નો પ્રથમ કાર્યક્રમ સર્જકની જન્મતિથિએ, શ્રી હરિકૃષ્ણ પાઠકની અધ્યક્ષતામાં તા. ૧૦-૬-૦૯ના રોજ અમરેલી મુકામે યોજાઈ ગયો.

(૩) ગુજરાતી ભાષાના જાણીતા નવલકથાકાર – વિવેચક શ્રી જયંત ગાડીત અને કવિ રણજિત પટેલ – ‘અનામી’ના અવસાન નિમિત્તે તા. ૧૬-૬-૦૯ની સાંજે સ્વાધ્યાય અને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં યોજવામાં આવ્યો હતો. શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા, શ્રી રમણ સોની, શ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી મહેશ દવે તથા શ્રી રઘુવીર ચૌધરીએ સદ્‌ગત સર્જકોને અંજલિ અર્પણ કરી.

## મુંબઈમાં બહેનો માટે બાળસાહિત્યની કાર્યશાળા

એનીબહેન સરૈયા લેખિકાપ્રોત્સાહન નિધિના ઉપક્રમે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ‘લેખિની’ના સહયોગમાં નિઃશુલ્ક કાર્યશાળાનું આયોજન ૩૦મી મેના રોજ કરવામાં આવ્યું હતું. બાળસાહિત્યના જાણીતા લેખક ઉદયન ઠક્કરે દેશપરદેશની જાણીતી બાળવાર્તાઓ વિષે વાત કરી બહેનોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રશ્નોત્તરી બાદ ધીરુબહેન પટેલ, વર્ષા અડાલજા અને મીનળ દીક્ષિતે બહેનોને સર્જનપ્રક્રિયા વિષે વાત કરી હતી. ઘણી બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સરસ કૃતિઓની રચના કરી હતી.

## વાર્તાસ્પર્ધાના વિજેતા સર્જકોને ઇનામવિતરણ તથા સર્જક સન્માન સમારોહ

સર્જકોની સિસૃક્ષાને સંકોરવાના ઉપક્રમે ભાવનગરમાં ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રેરિત અને ભાવનગર ગદ્યસભા સંચાલિત સર્જકસંવાદ આયોજિત વાર્તાસ્પર્ધાના વિજેતા સર્જકોને ઇનામવિતરણ તથા તમામ સર્જકોને પ્રમાણપત્ર વિતરણ કરવા માટે રવિવાર તા. ૧૪-૬-૦૯ના રોજ બી.એમ. કૉમર્સ સ્કૂલના સભાખંડમાં સર્જક સન્માન સમારોહ યોજવામાં આવેલ હતો. પ્રારંભે સંયોજક અજય ઓઝાએ સર્જકોનું શાબ્દિક સ્વાગત કરીને ભૂમિકા બાંધી હતી. સર્જકોની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે કાર્યક્રમમાં તમામ વાર્તાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ પ્રથમ એકથી પાંચ ક્રમે આવેલ વાર્તાકારોને ઇનામવિતરણ કરવામાં આવ્યું હતું. વાર્તાસ્પર્ધામાં પ્રથમ કૃતિ ‘સંજુ દોડ્યો’ લે. નીલમ દોશી (અમદાવાદ), દ્વિતીય કૃતિ ‘કાઠું વરહ’ લે. કલ્પેશ પટેલ (ગાંધીનગર), તૃતીય કૃતિ ‘હીંચકો’ લે. ગુણવંત

વ્યાસ (આણંદ), ચોથા ક્રમે 'માનો ખોળો' લે. સતીશ વૈષ્ણવ (અમદાવાદ) અને પાંચમા ક્રમે 'સંભાવનાઓ : એક કેસ ફાઈલની' લે. દક્ષા સંઘવી (ગાંધીધામ)ની પસંદગી થઈ હતી. નિર્ણાયક તરીકે શ્રી માય ડિયર જયુ તથા ડૉ. મહેન્દ્રસિંહ પરમારે સેવાઓ આપી હતી. ત્યાર બાદ પ્રથમ આવેલ કૃતિનું પઠન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્જકોએ પ્રોત્સાહક પ્રતિભાવ આપ્યા હતા. ત્યારબાદ વાર્તાસ્પર્ધાના નિર્ણાયકો સર્વ શ્રી માય ડિયર જયુ તથા મહેન્દ્રસિંહ પરમારનું સન્માન તથા સ્પર્ધાની વાર્તાઓમાંથી પસાર થતાં મળેલ અનુભવ વિશે એમનું વક્તવ્ય રજૂ થયું હતું. અંતમાં કાર્યક્રમના અધ્યક્ષશ્રી રાજેન્દ્ર પટેલે સર્જકોને સંબોધીને સુંદર વાતો રજૂ કરી હતી. સમારોહનું સંચાલન અજય ઓઝાએ તેમજ ઋણસ્વીકાર નીતિન ત્રિવેદીએ સંભાળેલ. સમારોહ માટે બી.એમ. કૉમર્સ સંસ્થા તેમજ ગદ્યસભાના સભ્યો શ્રી ધનરાજભાઈ કોઠારી, નટવર વ્યાસ, રમેશ પુરબીયા, હેમલ મહેતા, તેમજ લેખક મંડળના સંયોજક શ્રી નીતિન ત્રિવેદીનો સુંદર સહયોગ સાંપડ્યો હતો.

– **અજય ઓઝા**

સંયોજક : સર્જકસંવાદ, ભાવનગર

### શ્રી જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા

વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન વાર્તાકારના શહેર અમરેલીમાં તા. ૧૦-૩-૦૯ના રોજ પ્રતાપરાય આર્ટ્સ અને કમાણી સાયન્સ કૉલેજના સહિયોગથી યોજવામાં આવ્યું હતું. વરિષ્ઠ સાહિત્યસર્જકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને નવોદિત વાર્તાકાર-કવિઓ અને જનક નાયકના મિત્રો તથા કુટુમ્બીજનો ઉપસ્થિત રહ્યા હતા, કાર્યક્રમના સંચાલક રાજેન્દ્ર પટેલે પરિષદની આ વ્યાખ્યાનમાળાની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. કૉલેજના આચાર્ય વિરાણી સાહેબે સૌનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું તથા આ વ્યાખ્યાન માટે પરિષદ પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

પ્રથમ બેઠકના પ્રથમ વક્તા અજિત ઠાકોર હતા. એમણે 'સાંપ્રત ગુજરાતી ટૂંકી વાર્તા' વિષયક ખૂબ ઊંડાણભર્યો અભ્યાસ રજૂ કર્યો હતો. ગુજરાતી ટૂંકી વાર્તાના પાંચ પ્રવાહો અને એની અંતર્ગત એ પ્રવાહોના મુખ્ય સર્જકોની કૃતિ લઈને ઝીણવટભર્યો આલેખ રજૂ કર્યો હતો. ત્યારબાદ વાર્તાકાર કિરીટ દુધાતે એમની વાર્તા 'ભૂત'નું સુંદર પઠન કર્યું હતું. અધ્યક્ષસ્થાનેથી પરિષદ ઉપપ્રમુખ હરિકૃષ્ણ પાઠકે જનક ત્રિવેદીની વાર્તાકળાને યાદ કરી, વ્યક્તિ જનક ત્રિવેદીની સાહિત્યિક અને સામાજિક નિસબત દર્શાવી હતી.

બીજી બેઠકના પ્રથમ વક્તા ભરત મહેતાએ જનક ત્રિવેદીની વાર્તાઓ વિશે વાત કરી હતી. વિવિધ વાર્તાઓના દૃષ્ટાંત દ્વારા વાર્તાકાર જનક ત્રિવેદીની વિશિષ્ટ છબિ ઉપસાવી હતી. બીજા વક્તા મહેન્દ્રસિંહ પરમારે જનક ત્રિવેદીના નિબંધસંગ્રહ 'મારો અસબાબ'ના નિબંધોની નિબંધકળા વિશે વાત કરી નિબંધના અંશોનું પઠન કર્યું હતું. અધ્યક્ષસ્થાનેથી હરિકૃષ્ણભાઈએ જણાવ્યું કે જનક નાયકની વાર્તાઓ અને નિબંધ પામવા માટે બંને સ્વરૂપો એકબીજાને પૂરક છે. અંતે જનક ત્રિવેદીની પત્ની સરોજબહેને બધા માટે ભાવભર્યો આભાર વ્યક્ત કર્યો હતો. 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક હર્ષદ ત્રિવેદીએ જનક ત્રિવેદીની ડાયરીના પ્રકાશ અંગે આયોજન કર્યું હતું અને સર્જક અને એના સર્જન પ્રતિ પ્રતિબદ્ધતા વર્ણવી હતી. આખા દિવસનો આ કાર્યક્રમ એક રીતે 'વાર્તાકાર જનક નાયક ત્રિવેદી વ્યાખ્યાન'શ્રેણીનો પ્રથમ વિશિષ્ટ કાર્યક્રમ બની રહ્યો હતો.



# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

### ગંભીરસિંહજી ગોહિલના અધ્યયનગ્રંથનું વિમોચન

હીરાલક્ષ્મી મેમોરિયલ ફાઉન્ડેશન, મુંબઈ દ્વારા પ્રકાશિત ડૉ. ગંભીરસિંહ ગોહિલના વિવેચનગ્રંથ 'ગુજરાતી-હિન્દી વિવેચનસાહિત્ય : એક અધ્યયન'નું વિમોચન ૩૧ મેના રોજ ભાવનગર ગદ્યસભાના ઉપક્રમે શ્રી તખ્તસિંહજી પરમારના હસ્તે થયું. ત્યારે અતિથિપદે 'પ્રબુદ્ધજીવન'ના તંત્રી શ્રી ધનવંત શાહ હતા અને ડૉ. વિનોદ જોશીએ ગ્રંથ સંદર્ભે વક્તવ્ય આપ્યું હતું.

### ગુજરાત પુસ્તકાલય પ્રેરિત 'સાહિત્યસૃષ્ટિ'ના ઉપક્રમે વાર્તાલાપ

ગુજરાત પુસ્તકાલય પ્રેરિત 'સાહિત્યસૃષ્ટિના ઉપક્રમે 'પારિવારિક સંબંધો' પર કવિ નૈષધ મકવાણાએ વાર્તાલાપ આપ્યો હતો. આ પ્રસંગે સમર્થ ગઢવીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. અંબુભાઈ પટેલે સ્વાગત અને અવિનાશ મણિયારે પ્રાસ્તાવિક વક્તવ્ય આપ્યું હતું.

### રાષ્ટ્રીય કવિતા માસ અને ઇન્ડો-અમેરિકન કવિતા માસની સંયુક્ત ઉજવણી

ઇન્ડો-અમેરિકન લિટરરી અકાદમીના ઉપક્રમે ૧૭ મેના રોજ મળેલી સાહિત્ય સભામાં રાષ્ટ્રીય કવિતા માસ (USA) અને ઇન્ડો-અમેરિકન કવિતા માસની ઉજવણી પ્રસંગે અતિથિવિશેષ તરીકે શ્રી મહેન્દ્ર મેઘાણી હતા. એમણે 'ગીતાંજલી'ના એક ગીતનું પઠન કર્યું હતું. ચંદ્રકાન્ત દેસાઈએ અમેરિકન કવિઓની કવિતાનું પઠન કર્યું હતું. પ્રવીણ પટેલે ટાગોર કાવ્યનું પઠન કર્યું હતું, જ્યારે સુબોધ શાહે મહાકવિ કાલિદાસ અને અન્ય સંસ્કૃત કવિઓનાં કાવ્યોનું પઠન કર્યું હતું.

### 'સાબર સાહિત્ય સભા'ના ઉપક્રમે કવિસંમેલન

૨૪ મે ૨૦૦૯ના રોજ સાબર સાહિત્ય સભાના ઉપક્રમે કવિ-સંમેલન યોજાઈ ગયું તેમાં કૃષ્ણ દવે, ઈશુભાઈ ગઢવી, માસૂમ મોડાસવી, આબિદ ભટ્ટ, રમેશ પટેલ 'ક્ષ' ઇત્યાદિ કવિઓએ પોતાની રચનાઓ રજૂ કરી હતી.

### 'શબ્દસ્વર'નો લોકાર્પણ સમારંભ

૨૪ મે ૨૦૦૯ના રોજ રાજકોટ ખાતે ડૉ. મહેશ રાવલની ગઝલોની ઓડિયો સીડી 'શબ્દસ્વર'નો લોકાર્પણ સમારંભ યોજાઈ ગયો. સંજુવાળાએ લોકાર્પણ કર્યું. એ પ્રસંગે કાવ્યપઠનનો કાર્યક્રમ પણ ગોઠવાયો હતો.

r